5. The the final plot no.2/1 and 2/2 are merged and modified as final plot final plot no.2/1+2/2 admeasuring 16462 sqmtr. and its modified boundaries and location are shown in the accompanying plan.

6. The final plot no. 103 (Neighborhood and Civic Center) allotted to the appropriate authority is modified and allotted for the purpose of "Sale for Commercial".

7. The final plot no. 122 (Sale for Commercial) allotted to the appropriate authority is modified and allotted for the purpose of "Sale for Residential".

8. The remarks shown in the remarks column of Redistribution Statement relating to non-agriculture land shall be deleted.

Preliminary Scheme document, maps, redistribution statement shall be modified according to above.

By order and in the name of the Governor of Gujarat,

NEELA MUNSHI,
Officer on Special Duty & Ex-Officio
Deputy Secretary to Government.

URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 25th March, 2015.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

No.GH/V/ 154 of 2015/DVP-272014-815-L: WHEREAS the Government of Gujarat is of the opinion that it is necessary, in the public interest, to make variation in the Development Plan of Visnagar Area Development Authority, sanctioned under Government Notification, Urban Development and Urban Housing Department No.GH/V/85 of 1996/DVP-2793-3242-L, dated.18.06.1996 (hereinafter referred to as "the said Development Plan" and "the said Authority")

NOW THEREFORE, in exercise of the power conferred by of section 19(1) of the Gujarat Town Planning and Urban Development Act, 1976 (President's Act No. 27 of 1976), (hereinafter referred to as "the said Act") the Government of Gujarat hereby: -

3. Proposes to modify the aforesaid development plan by way of variation in the manner specified in the Schedule appended hereto, and;

4. Calls upon any person to submit suggestion or objection, if any, with respect to the proposed variation to the Principal Secretary to Government of Gujarat, Urban Development and Urban Housing Department, Block No. 14th, 9th Floor, Sachivalaya, Gandhinagar, in writing, within a period of two months from the date of the publication of this notification in the Official Gazette.

INDEX

SCHEDULE

Proposed variation in the said Development Plan of the said Authority sanctioned by Government Notification, Urban Development and Urban Housing Department No.GH/V/85 of 1996/DVP-2793-3242-L, dated.18.06.1996 The land bearing R.S.No.2297, 2285 and adjoin open land of village Visnagar designated for "Agriculture Zone" shall be deleted from the said zone and the land thus released shall be designated for "Residential Zone" under section 12 (2) (a) of the said Act as shown on the accompanying plan.

By order and in the name of the Governor of Gujarat,

NEELA MUNSHI,
Officer on Special Duty & Ex-Officio
Deputy Secretary to Government.

શહેર વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સુધારા અધિસુચના
સચિવાલય, ગાંધીનગર, 25મી માર્ચ, 2015
ક્રમાંકઃ જીએચ/વી/2015નો 155/ટીપીવી/102009/2744/લ

(1) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૫.૧૨.૨૦૧૪ના જાહેરનામાં ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૪નો ૨૦૨/ટીપીવી–૧૦૨૦૦૯–૨૭૪૪–લ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ–૫૦(૧) હેઠળ મુસદારૂપ નગર રચના યોજનાઓને આખરી કરવા માટે નગર રચના અધિકારીશ્રીઓની નિમણુંક કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહું જાહેરનામાંના ક્રમાંક : ૪માં ઉલ્લેખ કરાયેલ શબ્દો '(ખોલવડ)' ને બદલે '(ખોલવડ–નવાગામ)' વાંચવું.

(2) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮.૧૦.૨૦૧૪ના જાહેરનામાં ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૪નો ૧૭૦/ટીપીવી–૧૦૨૦૦૯–૨૭૪૪–લ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ–૫૦(૧) હેઠળ મુસદારૂપ નગર રચના યોજનાઓને આખરી કરવા માટે નગર રચના અધિકારીશ્રીઓની નિમણુંક કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહું જાહેરનામાંના ક્રમાંક : ૧૬માં ઉલ્લેખ કરાયેલ શબ્દો '(તલંગપોર)' ને બદલે '(તલંગપોર–ઉબેર)' વાંચવું.

(3) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮.૧૦.૨૦૧૪ના જાહેરનામાં ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૪નો ૧૭૦/ટીપીવી–૧૦૨૦૦૯–૨૭૪૪–લ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ–૫૦(૧) હેઠળ મુસદારૂપ નગર રચના યોજનાઓને આખરી કરવા માટે નગર રચના અધિકારીશ્રીઓની નિમણુંક કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદરહું જાહેરનામાંના ક્રમાંક : ૨માં ઉલ્લેખ કરાયેલ શબ્દો '(ગણદેવી રોડ –ઈસ્ટ તીથર વિસ્તાર)' ને બદલે '(ગણદેવી રોડ–ઈસ્ટ તિઘરા વિસ્તાર)' વાંચવું.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 111

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] WEDNESDAY, MARCH 25, 2015/CAITRA 4, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

LEGAL DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 25th March, 2015

Gujarat Civil Courts Act, 2005.

No. GK/8/2015/CCA/102011/806(A) and 806(B)/D (Part 8):— In exercise of the powers conferred by sections 6, 7 and 11 of the Gujarat Civil Courts Act, 2005 (Guj. 21 of 2005), the Government of Gujarat, in consultation with the High Court of Gujarat, with effect from 4th April, 2015, establishes the Court of Civil Judge, as follows, namely:-

1. There shall be a new court of Civil Judge, **at Bhabhar,** subordinate to the District Court, Banaskantha at Palanpur.
2. The said Court shall be presided over by the Principal Civil Judge, who shall hold his Court at **Bhabhar.**
3. The local limits of the ordinary jurisdiction of the Court of Civil Judge, **Bhabhar,** shall consist of areas of villages of **Bhabhar** taluka of the District of Banaskantha.
4. The local limits of **Bhabhar taluka** shall be excluded from the jurisdiction of the Court of Civil Judge, **Deodar.**

By order and in the name of the Governor of Gujarat,

D. A. VORA,
Under Secretary to Government.

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 112

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

© 2015

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] WEDNESDAY, MARCH 25, 2015/CAITRA 4, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

LEGAL DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 25th March, 2015

Gujarat Civil Courts Act, 2005.

No. GK/9/2015/CCA/102011/806(A)/D (Part 12):— In exercise of the powers conferred by sections 6, 7 and 11 of the Gujarat Civil Courts Act, 2005 (Guj. 21 of 2005), the Government of Gujarat, in consultation with the High Court of Gujarat, with effect from 4th April, 2015, establishes the Court of Civil Judge, as follows, namely:-

1. There shall be a new court of Civil Judge, **at Kadana, Diwada Colony,** subordinate to the District Court, **Panchmahal,** at Godhara.
2. The said Court shall be presided over by the Principal Civil Judge, who shall hold his Court **at Kadana.**
3. The local limits of the ordinary jurisdiction of the Court of Civil Judge, **Kadana** shall consist of areas of villages of **Kadana taluka of District of Panch-mahal.**
4. The local limits of **Kadana taluka** shall be excluded from the jurisdiction of the Court of Civil Judge, **Santrampur.**

By order and in the name of the Governor of Gujarat,

D. A. VORA,
Under Secretary to Government.

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 113

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVI] **FRIDAY, MARCH 27, 2015/CAITRA 6, 1937**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts

કૃષિ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા.૨૭/૦૩/૨૦૧૫.

ક્રમાંક:જીએચકેએચ– ૪૪–૨૦૧૫ એપીએમ–૧૦.૨૦૧૩–મં.૬૫–ગ.– ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરા (જેનો હવે પછી ટૂંકમાં બજાર સમિતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) તથા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ:૧૯૬૩ અન્વયે રચાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થા છે અને ખેત ઉત્પન્ન બજાર ધારા નિયમો તથા પેટા નિયમોમાં થયેલ જોગવાઈનું પાલન કરવાની તેની પ્રાથમિક ફરજો અને જવાબદારી છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાની કામગીરી બાબતે થયેલ ફરિયાદો સંદર્ભની તપાસ કરવામાં આવેલ. આ અહેવાલ અનુસાર બજાર સમિતિની ચુંટાયેલ કમિટિ ધ્વારા નાણાકીય ગેરરીતીઓ, વહીવટમાં અનિયમીતતાઓ આચરીને બજાર ધારાના નિયમો તથા પેટા નિયમોનો ભંગ કરેલ હોઈ, બજાર સમિતિના કાર્યવાહકો ધ્વારા તેમને સોંપવામાં આવેલ સત્તા અને ફરજો બજાવવામાં કસૂર કરેલ હોઈ, બજાર સમિતિના હોદ્દેદારો સામે બજાર ધારાની કલમ:૪૬ હેઠળ સમિતિની ચુંટાયેલ કમિટિને પદચ્યુત કરવાની ભલામણ સંયુકત રજીસ્ટ્રારશ્રી(ઇન્સપેકશને) તા.૧૪/૮/૨૦૧૩ના રોજ તપાસ સોંપવામાં આવેલ હતી. સંયુકત રજીસ્ટ્રારશ્રી (ઇન્સપેકશન) ધ્વારા તા.૧૧/૨/૨૦૧૪ના રોજ તપાસ અહેવાલ રજૂ કરેલ છે. તે તપાસ અહેવાલને ધ્યાને લઈ કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા તા.૨૦/૧૨/૨૦૧૪ની કારણદર્શક નોટિસ ક્રમાંક:એપીએમ– ૧૦.૨૦૧૩–મં.૬૫–ગથી હોદ્દેદારોને જાણ કરવામાં આવી હતી. આ કારણદર્શક નોટિસ અન્વયે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના હોદ્દેદારો ધ્વારા તા.૯/૧/૨૦૧૫, ૨૩/૧/૨૦૧૫, ૨૯/૧/૨૦૧૫, ૯/૨/૨૦૧૫, ૧૨/૨/૨૦૧૫, ૨૦/૨/૨૦૧૫, ૨૫/૨/૨૦૧૫ ની ન્યાયના હિતમાં માગ્યા મુજબની મુદતો આપેલ હતી. તા.૨/૩/૧૫ની સુનાવણી રાખેલ. જેમાં એડવોકેટશ્રી ધ્વારા નોટિસ સંદર્ભે, પ્રાથમિક મુદ્દા સંદર્ભે જવાબ રજૂ કરેલ તથા વધુ સુનાવણીની તા.૧૧/૩/૧૫ના રોજ રાખેલ. તા.૧૧/૩/૧૫ના રોજ રજૂ કરેલ જવાબ સંદર્ભે દલીલો કરવામાં આવી ત્યાર બાદ તા.૧૩/૩/૧૫ના રોજ સુનાવણી હાથ ધરી. જેમાં એડવોકેટશ્રી દિલીપ રાણાએ હાજર રહી લેખિત જવાબ તથા દલીલો સંદર્ભે નીચે મુજબ રજૂઆત કરેલ. જેમાં પ્રથમ કારણદર્શક નોટિસ સંદર્ભે, પ્રાથમિક વાંધા સંદર્ભે ધ્યાન દોરતાં રજૂઆત કરેલ કે, હાલના ડીરેકટરો સામે કલમ:૫૦ હેઠળ તા.૧/૧૧/૨૦૧૪થી નિયામકશ્રી ધ્વારા હુકમ કરેલ છે. તે હુકમ વિરુધ્ધ બજાર સમિતિના ડીરેકટરો ધ્વારા કલમ:૪૮ અન્વયે રાજય સરકાર સમક્ષ રીવીઝન કરેલ છે. જેનો નિર્ણય પેન્ડીગ છે. ત્યારે તે મુદ્દાના આધારે કલમ:૪૬ની કાર્યવાહી કરી શકાય નહી તથા તે

હુકમ રદ કરવો. જે ધ્યાને લેતાં તેઓએ જણાવેલ કે, હોદ્દેદારો સામે રૂા.૪૮,૫૧,૧૯,૫૪૪/–ની વરાડે પડતી રકમ વસુલ કરવા હુકમ કરેલ છે તથા બજાર સમિતિના ચેરમેન તથા સેક્રેટરી વિરુધ્ધ ક્રીમીનલ I-CR નંબર:૧૯૮/૨૦૧૪ હેઠળ આઈ.પી.સી.–૪૦૯, ૪૨૦ અને ૧૧૪ હેઠળ ફરિયાદ કરેલ છે. જે ફરિયાદ રદ કરવા ફોજદારી પરચુરણ અરજી નંબર: ૧૮૫૬૮–૨૦૧૪થી અને ફોજદારી પરચુરણ અરજી નંબર: ૨૩૭–૨૦૧૫ દાખલ કરેલ છે. જેમાં નામ. હાઈકોર્ટ ધ્વારા કાર્યવાહી સ્થગિત કરવામાં આવી છે તથા આપના ધ્વારા જે નોટિસ આપવામાં આવેલ છે. તે ભૂતકાળના સમયની સમિતિના અહેવાલના આધારે આપવામાં આવેલ છે. જેથી જૂની કમિટિના કૃત્ય માટે હાલની કમિટિને દૂર ન કરી શકાય. હાલની કમિટિ ૨૦/૯/૨૦૧૨ના રોજ ચુંટાઈને આવી છે. તેથી પણ કલમ:૪૬ની કાર્યવાહી કલમ:૫૦ની કાર્યવાહી તથા કલમ:૪૨ હેઠળની કાર્યવાહી એકસરખા મુદ્દા માટે એક જ ગુના માટે ન કરી શકાય તથા સમિતિનું નિયમીત ઓડીટ પણ થાય છે. તે સંજોગોમાં સદર પ્રાથમિક મુદ્દા ધ્યાને લઈ નોટિસ દફતરે કરવા રજૂઆત કરેલ છે. તા.૧૧/૩/૨૦૧૫ અને ૧૩/૩/૨૦૧૫થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના હોદ્દેદારો વતી ઉકત નોટિસના સંદર્ભે વિધ્વાન એડવોકેટશ્રી દિલીપ રાણા ધ્વારા લેખિત અને મૌખિક રજૂઆતો નીચે મુજબ કરેલ છે.

<u>મુદ્દા નં.૧:–</u> ઈલેકટ્રીક કન્સલ્ટીંગ તરીકે જયહિંદ ઈલેકટ્રીક કંપનીને ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર નિમણૂંક આપી, કરેલ વહીવટની અનિયમીતતા બાબત.

<u>મુદ્દા નં.૧ (જવાબ)</u> :– ઈલેકટ્રીક કન્સલટન્ટ તરીકે જયહિંદ ઈલેકટ્રીક કંપનીને વાર્ષિક રૂા.૫૦,૦૦૦/– કન્સલટન્સી ફી આપી નિમણૂંક કરેલ છે તે ખૂબ જ વ્યાજબી અને યોગ્ય છે. જયહિંદ ઈલેકટ્રીક કંપની એમ.જી.વી.સી.એલ.માં વડોદરા શહેરની વિવિધ કંપનીઓ જેવી કે એલ એન્ડ ટી, જયોતી લીમીટેડ, નીરમા લીમીટેડ જેવી નામાંકિત સંસ્થાઓની કામગીરી કરે છે. બજાર સમિતિ, વડોદરાએ પણ સયાજીપુરા માર્કેટ યાર્ડના કોલ્ડ સ્ટોરેજ, રાઈપનીંગ ચેમ્બર, પ્રોસેસીંગ લાઈન, બાયોગેસ યુનીટની પરમીશન, ખેડૂત તાલીમ કેન્દ્ર, ખેડૂત આરામ ગૃહ, હાથીખાના તથા સયાજીપુરા માર્કેટ યાર્ડના અંડર ગ્રાઉન્ડ કેબલીંગના કામકાજ માટે જે સ્તરે જરૂરી પરવાનગી લેવા, ટ્રાન્સફોર્મર ઉભા કરવા તથા તમામ યાર્ડોમાં ઈલેકટ્રીસીટીના યોગ્ય વપરાશ અંગે જરૂરી ગાઈડલાઈન્સ માટે તજજ્ઞ તરીકે કામ સોંપેલ છે અને માસિક રૂા.૪૨૦૦/– જેટલો ખર્ચ બજાર સમિતિ ધ્વારા આપવામાં આવે છે. જે તદ્દન વ્યાજબી/ઓછો છે. તેની સામે બજાર સમિતિને મળતી સેવાઓ અને કેબલ ખરીદી તેમજ ઈલેકટ્રીક સાધનોની યોગ્ય અને ઉચ્ચ કક્ષાની ખરીદી થાય તેનાથી બજાર સમિતિને ઘણો જ ફાયદો થયો છે હજુ સુધી કયારેયે કોઈ ઈલેકટ્રીક ફોલ્ટ થયો નથી તેમજ ખોટા વોલ્ટેજનું ભારણ થયું નથી કે લો વોલ્ટેજ થયેલ નથી અને વીજળી બળતણમાં પણ વીજભારનો ખોટો આર્થિક બોજો પડેલ નથી. એકંદરે બજાર સમિતિને આપેલ સલાહ સૂચનથી ખૂબ જ ફાયદો તથા વિકાસ થયો છે. આ સાથે જયહિંદ ઈલેકટ્રીક કંપની જે સંસ્થામાં કામ કરે છે તેની યાદી સામેલ છે.

વળી આ પ્રકારની technical/intellectual/reputation પર આધારિત સેવા માટેના કન્સલટન્ટની નિમણુંક તેમની આ ક્ષેત્રે તજજ્ઞતા તથા ગુણવત્તાસભર ભરોસાપાત્ર સર્વીસીસ પુરી પાડનાર તરીકેની તેમની પ્રતિષ્ઠાને કારણે તેમને નિયુકત કરવામાં આવેલ છે.

આવા પ્રકારના કામો માટે જાહેરાત પ્રક્રિયા કરવી તેવો સરકારશ્રીનો કોઈ પરિપત્ર કે નિયમ નથી. તેથી માત્ર ટેન્ડરીંગ પ્રક્રિયા ન કરેલ હોવાનો આક્ષેપ ખોટો છે.

વધુમાં જણાવવાનું કે, પ્રસ્થાપિત પ્રણાલી મુજબ વકીલ ફી, ડોકટર ફી કે અન્ય પ્રોફેશનલ સેવાઓ આપતી વ્યકિતઓના મહેનતાણાની જાહેરાત હોય નહી પરંતુ વાટાઘાટોથી નકકી થઈ શકે. પ્રસ્તુત બાબત બજાર સમિતિ, વડોદરાની તા.૩૦/૦૪/૨૦૧૨ની સામાન્ય સભામાં થયેલ ઠરાવ નંબર–૫થી સર્વાનુમતે મંજૂર કરેલ છે. ઠરાવની નકલ સામેલ છે. જેથી જાહેરાત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જેથી ઉપરોકત સ્પષ્ટતા બાદ સદરહુ મુદ્દા નંબર–૧નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

<u>મુદ્દા નં.૧ બાબતનું તારણ:–</u>

તા.૩૦/૪/૧૨ની બજાર સમિતિની સામાન્ય સભાના ઠરાવ નં.(૫)થી જયહિંદ ઈલેકટ્રીક કંપનીને કામ સોંપવામાં આવેલ હોવાનું જણાય છે. જયારે હાલની બોડી તા.૨૦/૯/૨૦૧૨થી અસ્તિત્વમાં આવેલ છે. બજાર સમિતિ ધ્વારા કેબલ કામ માટે અગાઉ પણ ટેન્ડર બહાર પાડયા વગર રૂા.૧૨.૦૦ લાખના કામ માટે રૂા.૧૪.૦૦ લાખ ચુકવેલ તેવું નિવેદન ચેરમેન/સેક્રેટરી ધ્વારા તપાસણી અધિકારીને આપેલ. જયારે કન્સ્લટીંગ તરીકે જે કામો આપેલ છે. તેમાં પણ કોઈ પ્રકારની જાહેરાત આપ્યા વગર સીધેસીધા કામો આપેલ છે. તે દર્શાવે છે કે, બજાર સમિતિના હોદ્દેદારો

ધ્વારા જાહેરાત આપી, ભાવ મંગાવેલ હોત તો વધુ ઓફરો આવી શકી હોત તથા સંસ્થાને વધુ અનુભવી માણસો સ્પર્ધાત્મક દરે મળી શકયા હોત. આમ બજાર સમિતિના હોદ્દેદારોની વહીવટી બિનકુશળતાના કારણે બજાર સમિતિને આર્થિક નુકસાન પણ સહન કરવું પડેલ છે. તે સંજોગોમાં ડીરેકટરો ધ્વારા રજૂ કરેલ જવાબ યોગ્ય જણાતો નથી. કારણ કે આ કામગીરી ચાલુ રાખેલ છે. જેથી અગાઉની અને હાલની બોડીના સભ્યો એક જ હોઈ, બજાર સમિતિના હોદ્દેદારો સદર મુદ્દા માટે દોષિત જણાય છે.

<u>મુદ્દા નં.૨:–</u> નિવૃત્ત કર્મચારીને નોકરીમાં રાખી બજાર સમિતિનો ગેરવહીવટ તથા અનિયમીતતા બાબત.

<u>મુદ્દા નં.૨ (જવાબ)</u>

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના આસીસ્ટન્ટ સેક્રેટરીશ્રી દિનેશચંદ્ર એચ.ભટ્ટ તા.૨૮/૨/૨૦૧૨ના રોજ નિવૃત્ત થયેલ. નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગરની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ નબસ–૦૧–થ–સ.૩–૨૭૮, તા.૧૯/૯/૯૭ મુજબ તેમની સેવાઓ ૬૦ વર્ષ સુધી લઈ શકાય છે. નિયામકશ્રીની કચેરીના તા.૨૪/૧/૨૦૧૩ના જાવક નંબરઃનબસ–૦૧–થ –સ.૩– ૧૧૯–૨૦૧૩ના પત્રથી તેઓશ્રીને એક વર્ષ મુદત સાપતાની મંજૂરી આપેલ હતી. ત્યાર પછી પણ નાણાકીય વર્ષ ૩૧/૩/૨૦૧૩ના રોજ પૂરું થતું હોવાથી તેમની સેવાઓની જરૂરિયાત હોવાથી તેઓની માત્ર એક માસ માટે સેવાઓ લીધેલી. (તા.૧/૩/૨૦૧૩ થી તા.૩૧/૩/૨૦૧૩ સુધી) અને તેની મંજૂરી માટેની દરખાસ્ત નિયામકશ્રીને બજાર સમિતિ ધ્વારા તા.૧૮/૧૨/૨૦૧૩ના જાવક નંબરઃ૧૪૮૬/ ૧૪૮૭ થી કરેલી. પરંતુ નિયામકશ્રી તરફથી આજ દિન સુધી મંજૂરી કે નામંજૂરી અંગેનો પ્રત્યુત્તર મળેલ નથી. હકીકતમાં શ્રી દિનેશચંદ્ર એચ.ભટ્ટની સેવાઓ ૬૦ વર્ષ સુધી બજાર સમિતિની જરૂરિયાત મુજબ લઈ શકાય તેવી જોગવાઈ છે. આ મુદ્દો હજુ નિયામકશ્રીની કક્ષાએથી અનિર્ણીત છે અને શ્રી દિનેશચંદ્ર એચ.ભટ્ટ તરફથી આ અંગે નિયામકશ્રીની કચેરીના નિર્ણયથી કોઈ પણ જવાબદારી ઉપસ્થિત થાય તો તેઓએ નાણા ભરપાઈ કરવા માટે બાંહેધરીપત્ર આપેલ છે. જેથી મુદ્દા નંબરઃ૨નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

<u>મુદ્દા નં.૨ બાબતનું તારણઃ–</u> બજાર સમિતિ ધ્વારા આસીસ્ટન્ટ સેક્રેટરી દિનેશભાઈ ભટ્ટને તા.૨૮/૨/૨૦૧૨ ના રોજ નિવૃત્તિ પછી તા.૧/૩/૨૦૧૨ પછી નોકરીમાં ચાલુ રાખવા જે ઠરાવ કરેલ. તેની મંજૂરી પાછળથી તા.૨૪/૧/૧૩ના રોજ મળેલ છે તથા તા.૧/૩/૨૦૧૩થી તા.૩૧/૩/૨૦૧૩ની નોકરી માટે કોઈ મંજૂરી મેળવેલ નથી. જયારે આ સમય માટેની દરખાસ્ત તા.૧૮/૧૨/૨૦૧૩ના રોજ કરેલ. એટલે કે ૯ માસ બાદ તેઓની નોકરીનો બીજી વખતનો સમય પૂર્ણ થયા બાદ દરખાસ્ત કરેલ. તે રેકર્ડ જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે. આમ બજાર સમિતિ ધ્વારા અગાઉ એક વર્ષ માટેની મંજૂરી પણ નોકરીમાં રાખ્યા બાદ લાંબા સમયે મેળવેલ તથા સને ૨૦૧૩માં નિયત સમયમાં કોઈ મંજૂરી મેળવ્યા વગર નોકરીમાં ચાલુ રાખ્યાનું સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યારે આ બાબતે ફરિયાદ થતાં પાછળથી મંજૂરી માટે દરખાસ્ત કરેલ. પરંતુ ત્યારે શ્રી ભટ્ટનો નોકરીનો સમય પણ સમાપ્ત થઈ ગયેલ. આમ સમગ્ર બાબત ધ્યાને લેતાં બજાર સમિતિના હોદ્દેદારોએ વહીવટીય અનિયમીતતા કરી કસૂર કરેલ છે. જે બાબતે હોદ્દેદારો જવાબદાર છે.

<u>મુદ્દા નં.૩:–</u> ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના મુખ્ય માર્કેટ યાર્ડ સયાજીપુરા ખાતે પાણી પુરૂ પાડવાનો ઈજારો શૈલેષભાઈ પટેલ ચેરમેનના અંગત સંબંધીને ખોટી રીતે આપીને બજાર સમિતિને આર્થિક રીતે નુકશાન કરી બજાર ફંડને નુકશાન કરવા બાબત.

<u>મુદ્દા નં.૩ સંદર્ભે જવાબ</u> :– બજાર સમિતિ ધ્વારા પાણીનો ઈજારો આપવા બાબતે સમિતિના પેટા નિયમ ૫૪ મુજબ બજાર સમિતિના નોટીસ બોર્ડ પર પાણીનો ઈજારો આપવા તા.૭/૫/૧૧ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરેલ છે. આ નોટીસ અન્વયે ત્રણ એજન્સીઓ ધ્વારા આ ઈજારો મેળવવા ઓફરો આવેલ હતી. આ ઓફરોનું તુલનાત્મકપત્રક બનાવેલ છે. આ તુલનાત્મકપત્રક બજાર સમિતિના તા.૨૦/૫/૧૧ના ફરતા ઠરાવથી આ ત્રણ એજન્સીઓ પૈકી સૌથી ઓછા ભાવ ઘી વડોદરા જિલ્લા પરિવહન સર્વીસ સહકારી મંડળી લી.નો હોવાથી તેઓને ઈજારો આપવામાં આવેલ છે. તેના આધાર પુરાવા આ સાથે સામેલ છે.

બજાર સમિતિ ધ્વારા આપેલ ઈજારાથી સહકારી મંડળી ધ્વારા બજાર સમિતિમાં જે પાણી પૂરું પાડવામાં આવતું હતું. તે પાણીના ટેન્કરના ફેરાની નોંધ (રજીસ્ટર) રાખવામાં આવેલ છે. તેનું પત્રક સામેલ છે. જેમાં મંડળીની પાકી પહોંચની નકલો તથા બજાર સમિતિના કર્મચારીની સહીઓ છે.

આ કારણદર્શક નોટિસમાં કોઈ ચોકકસ સમયગાળો દર્શાવેલ નથી. આમ આ નોટીસ આધારવિહોણી છે.

INDEX

બજાર સમિતિ, વડોદરાના સયાજીપુરા માર્કેટ યાર્ડ ખાતે પીવાના પાણી માટે કુલ ૫(પાંચ) જેટલા બોર કરવામાં આવ્યા હતા. પરંતુ સદરહુ બોરના પાણીના ટીડીએસ અંદાજે ઓછામાં ઓછા ૮૦૦૦ આવવાથી યાર્ડમાં લગાડેલ આર.ઓ. પ્લાન્ટ ફકત ૧.૫ વર્ષમાં ખલાસ થઈ ગયો હતો તથા સમગ્ર યાર્ડની પાણીની પાઈપ લાઈનો પર ક્ષાર જામી જતાં ખૂબ જ નાની થઈ ગઈ હતી. આના કારણે બહારથી પાણી મંગાવવાની ફરજ પડેલ છે.

ટીડીએસ રીપોર્ટ તા.૭/૪/૨૦૦૩ તથા તા.૨૫/૫/૨૦૦૩ના પબ્લીક હેલ્થ એન્જીનીયરીંગ લેબોરેટરી, ગુજરાત વોટર સપ્લાય બોર્ડ, વડોદરાની નકલ સામેલ છે. જેના કુલ ૫ બોરના ટીડીએસ ૮૦૯૦ થી ૪૨૩૮૨ જેટલા ઉંચા મળેલ છે. નેશનલ હાઈ વે નં.૮ ઉપર આવેલ દુમાડ ગામની સીમમાં આવેલ ખાનગી કૂવાઓનું પાણી સારું હોવાથી ત્યાંથી પાણી લાવવાનું નકકી કરવામાં આવેલ. કુવાના પાણીનો ટીડીએસ રીપોર્ટ સામેલ છે. સદરહુ જગ્યા ટેન્કરોથી પાણી લાવવા માટે બજાર સમિતિ, વડોદરાના સયાજીપુરા માર્કેટ યાર્ડથી સૌથી નજીકની જગ્યા છે. વળી ખેતીની જમીનમાં આવેલ કુવાઓ સુધી પહોંચવાના રસ્તાઓ કાચા, ગાડા ચીલા હોઈ ટ્રેકટર–ટેન્કર(૪૦૦૦ લીટર કેપેસીટી) ધ્વારા પાણી લાવવાની ફરજ પડેલી.

વડોદરા શહેરમાં મકરપુરા રોડ ઉપર આવેલ " બરોડા ડેરી " ધ્વારા પણ ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩ દરમ્યાન બહારથી પાણી મંગાવવામાં આવેલ છે. ડેરી માટે પાણી મકરપુરા/તરસાલી વિસ્તારમાં એટલે કે બીલકુલ નજીકથી જ મળી રહે છે તથા પાકા રસ્તાઓ ઉપર કુવાઓમાંથી ઉપલબ્ધ થતું હોઈ બરોડા ડેરી ૧૩૦૦૦ લીટરથી ૨૨૦૦૦ લીટરની કેપેસીટી વાળા મોટા ટ્રક–ટેન્કરો ધ્વારા પાણી મંગાવે છે. જેનો ભાવ પ્રતિ ટન નીચે પ્રમાણે છે.

વર્ષ	પ્રતિ ટન પાણીનો ભાવ (રૂા.)
૨૦૧૧	૫૦.૦૦
૨૦૧૨	૩૮.૦૦
૨૦૧૩	૪૨.૦૦

ટ્રેકટર–ટેન્કરમાં ૪૦૦૦ લીટર પાણી આવે છે. જયારે ટ્રક–ટેન્કરમાં ૨૨૦૦૦ લીટર પાણી આવે છે. એટલે કે ટ્રેકટર–ટેન્કર ૦૬ ફેરા મારે ત્યારે એક ટ્રક–ટેન્કર જેટલું પાણી આવે છે. ફેરા દીઠ વપરાતા ડીઝલ–ઓઈલ , ઘસારો, સમારકામ, રોકાતા મેનપાવરને લક્ષમાં લઈએ તો બરોડા ડેરીના એક ફેરામાં આવતા ૨૨ ટન પાણીના પ્રતિ ટન રૂા.૪૨ના ભાવથી સરખામણીએ બજાર સમિતિ, વડોદરાના એક ફેરામાં આવતા ૪ ટન પાણીના પ્રતિ ટન રૂા.૮૧.૨૫ સ્થળ અને સંજોગોની દ્રષ્ટિએ તદ્દન વ્યાજબી છે. ઉપરોકત હકીકતે પાણીના ઈજારામાં બજાર સમિતિ, વડોદરાએ બજાર ફંડને નુકશાન કરેલ હોવાનો આક્ષેપ પાયાવિહોણો છે. પીવાનું તથા વાપરવાનું પાણી બહારગામથી આવતાં ખેડૂતો તથા વેપારીઓ માટે પૂરુ પાડવું છે. એ બજાર સમિતિ, વડોદરાની પ્રાથમિક ફરજ છે. આમ સહકારી સંસ્થાને કોઈ કામગીરી આપેલ હોય તો તે વ્યકિતગત લાભ માટે નથી. પરંતુ પાણીની જરૂરિયાત હોવાથી આવું કામ કરનાર સહકારી સંસ્થાઓ પાસેથી સેવાઓ લીધેલ છે. પ્રસ્થાપિત પધ્ધતિમાં પીવાના પાણી માટે પેપરમાં જાહેરાત આપવી તેવો કોઈ પરિપત્ર કે નિયમ નથી.પરંતુ બજાર સમિતિએ તેના પેટાનિયમ મુજબ પ્રસ્થાપિત પધ્ધતિ મુજબ કામ કરેલ છે.

આ મુદ્દા અંગે બજાર સમિતિ સામે FIR 198/2014 માં અમારો જવાબ ધ્યાને લઈ Misc Cr. Application 18568/2014 માં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જે સ્ટે આપવામાં આવેલ છે. છતાંયે અત્રે કલમ–૪૬માં આ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે. જેની સ્પષ્ટતા ઉપર મુજબ છે. આ સાથે FIRની નકલ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટે ઓર્ડરની નકલ સામેલ છે.

જેથી ઉપરોકત સ્પષ્ટતા લક્ષમાં લઈ સદરહુ મુદ્દા નં.૩નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

<u>મુદ્દા નં.૩ બાબતનું તારણઃ–</u>

વડોદરા ખેત ઉત્પન્ન બજાર સમિતિ સામે નોંધાવવામાં આવેલ એફ.આઈ.આર. અંગે ફોજદારી ધારાની જોગવાઈઓ હેઠળની કાર્યવાહી/તપાસની કામગીરી વિરુધ્ધ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મનાઈહુકમ આપવામાં આવેલ છે. જયારે હાલની કારણદર્શક નોટિસ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ–૧૯૬૩ની કલમઃ૪૬ હેઠળ કાર્યવાહીની બાબત અંગેની છે. બન્ને કાયદાઓ અલગ અલગ છે. તેથી બન્ને કાયદા હેઠળ અલગ અલગ કાર્યવાહીની બાબત છે.

INDEX

અગાઉની બજાર સમિતિ અને હાલની બજાર સમિતિના હોદ્દેદારોના આ સમય દરમ્યાન પાણી પૂરૂ પાડવા માટેના ભાવપત્રકો મેળવવામાં આવેલ છે. બજાર સમિતિ ધ્વારા પાણીનો કોન્ટ્રાકટ આપવા માટે દૈનિક પેપરમાં કોઈ જાહેરાત આપેલ નથી તથા જે ભાવ પત્રકો મેળવેલ છે. તેમાં બજાર સમિતિએ સ્વીકાર્ય અંગેની નોંધ, તારીખ તેમજ હોદ્દેદારો/કર્મચારીઓની સહી નથી તેમજ કરાર પણ કરેલ નથી. પાણીની જરૂરિયાત અંગે કોઈ સર્વે કરેલ નથી. કેટલા પાણીની જરૂર છે. તેનો અંદાજ પણ કાઢેલ નથી. તપાસના સમયે કોઈ રજીસ્ટર નિભાવેલ નથી. અત્રે પણ કોઈ રજીસ્ટર રજૂ કરેલ નથી. માત્ર મંડળીના બીલો તથા તા.૧/૭/૨૦૧૧ની વડોદરા જિલ્લા પરિવહન સેવા સહકારી મંડળીની ૬(છ) ફેરા ચલન અને તા.૧/૩/૧૩ની ૬(છ) ફેરા ચલન રજૂ કરેલ છે. જયારે તપાસણી સમયે પાણી કયાંથી લાવવામાં આવે છે. પાણી કેટલા લીટરની સ્ટોરેજ કેપેસીટીની ટાંકીમાં તથા કઈ દુકાનોમાં કેટલું પાણી પૂરૂં પાડવામાં આવે છે. તેની કોઈ વિગતો પણ આપેલ નથી તથા ત્યારે તે પાણી પીવા લાયક છે કે કેમ ? તેની પણ ચકાસણીની કોઈ વ્યવસ્થા નહોતી. વધુમાં ટ્રેકટર–ટેન્કરની જે પાવતી રજૂ કરેલ. તેમાં પણ વાહન નંબર દર્શાવેલ નથી. વધુમાં બજાર સમિતિના ચેરમેનશ્રી શૈલેષભાઈ પટેલ છે. વડોદરા જિલ્લા પરીવહન સેવા સહકારી મંડળીના પ્રમુખ પણ શૈલેષભાઈ પટેલ જ છે. જે ભાવ ભરેલા છે. તે શ્રી કીરીટ એચ.પટેલની સહીથી રજૂ કરેલ છે. પરંતુ શ્રી કીરીટ એચ.પટેલ મંડળીના હોદ્દેદાર નથી કે કર્મચારી પણ નથી ત્યારે કઈ હેસિયતથી ભાવ પત્રકો ભરેલ છે, તેની પણ કોઈ વિગત રજૂ કરી શકેલ નથી. વધુમાં બજાર સમિતિ ધ્વારા કેટલા ફૂટે પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ બજાર સમિતિના ચેરમેનશ્રી ધ્વારા પોતાના હસ્તકની અન્ય સંસ્થાને આર્થિક લાભ પહોંચાડવા માટે બજાર સમિતિ, વડોદરાના આર્થિક હિતોને નુકસાન પહોંચાડવાનું કૃત્ય કરીને બજાર સમિતિનું અહિત કરવાનું કૃત્ય કરેલ છે. આમ બજાર સમિતિના હોદ્દેદારો ધ્વારા પાણી પૂરૂં પાડવાના કોન્ટ્રાકટ સંબંધે ગેરરીતી તથા અણઆવડત પ્રસ્થાપિત થાય છે તથા યોગ્ય પ્રક્રિયા નહી અપનાવી બજાર સમિતિને વહીવટી તથા આર્થિક નુકસાન પહોંચાડેલ હોઈ, બજાર સમિતિના હોદ્દેદારો તે માટે જવાબદાર છે.

<u>મુદ્દા નં.૪:–</u> ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના વિસ્તારમાં આવેલ માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ધ્વારા શેષ જમા નહી કરાવી બજાર સમિતિને નાણાકીય નુકસાન કરેલ છે.

<u>મુદ્દા નં.૪ સંદર્ભે જવાબ</u> :– માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ એ અનાજનું પ્રોસેસીંગ યુનિટ છે અને આ સંસ્થા સામે બજાર સમિતિના પૂર્વ સભ્યશ્રી કે.સી.પટેલ તથા અન્યોએ બદઈરાદાપૂર્વક માર્કેટ ફી નહીં ભરવા અંગે નિયામકશ્રીની કચેરીને ફરિયાદ કરી હતી. પરંતુ આ બાબતે ઓડીટર ગ્રેડ–૧, સહકારી મંડળીઓ ૧, નવા બજાર, મુ.કરજણએ તા.૧૯/૮/૨૦૧૩ના તપાસ અહેવાલ મુજબ આવા પ્રકારની કામગીરી માટે કોઈ પ્રકારની માર્કેટ ફી માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝએ ભરવાની રહેતી નથી. તેવું તારણ નાયબ નિયામકશ્રી અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સ.મં. વડોદરાને નીચે મુજબ કરેલ છે.

" ગુજરાતના ખેતીના ઉત્પન્નના બજારો બાબતના નિયમો–૧૯૬૫ના નિયમ–૪૯ની જોગવાઈ મુજબ ' ખેતીના ઉત્પન્ન પરની ફી બજારના ચોગાનમાં અથવા પેટા બજારના ચોગાનમાં અથવા ખુદ બજારમાં અથવા બજાર વિસ્તારમાં લાવવામાં આવે તે મુજબના ખરીદનાર પાસેથી ફી ભરવાજોગ થશે. ' તેમજ નિયંત્રિત ચીજવસ્તુઓના વેચાણ ઉપર માર્કેટ ફી લેવા અંગે નિયંત્રિત ખેત ઉત્પન્ન બજારોને લગતા અગત્યના ચુકાદા મુજબ (All India reporters-June -1980 page–1182, vol.-816)ના ચુકાદાનો બજાર સમિતિ, દાહોદ સામે શ્રી છગનલાલ મનસુખલાલે નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા વિરુધ્ધ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરતાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે કે કલમ–૬(૩) મુજબ જયારે વેચનાર ઉત્પાદક જાતે હોય અને ખરીદનાર ગ્રાહક જાતે હોય ત્યારે તેવા ખેતીના ઉત્પન્ન પર માર્કેટ ફી વસુલ કરી શકાય નહીં. માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝના નામે પ્રોસેસીંગ યુનિટ (ઘઉં અને ચોખા માટેનું) કાર્યરત છે. જેનું રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક ઈન્ડસ્ટ્રીઝ સેન્ટર, વડોદરા તરફથી તા.૧૮/૧/૨૦૧૩ના રોજ થયેલ છે. આમ માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અનાજનું પ્રોસેસીંગ યુનિટ હોઈ, તેમાં ડાંગર અને ઘઉં પુલીંગથી એકત્ર કરી, તેને પ્રોસેસ કરી તૈયાર થયેલ ચોખા અને ઘઉંનું વેચાણ બજાર વિસ્તારમાં લાયસન્સ ધરાવતા વેપારીઓને પત્રકમાં જણાવ્યા મુજબ સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં કુલ રૂા.૩,૭૩,૯૮,૮૯૧નું વેચાણ કરેલ છે અને સદર ખરીદનાર વેપારીઓએ સદર માલની ખરીદી અંગે માર્કેટ શેષ ફી ભરેલ છે.

આમ ઉપર વિગતે જણાવ્યા મુજબ ગુજરાતના ખેતીના ઉત્પન્ન બજારો બાબતના નિયમ–૧૯૬૫ના નિયમ–૪૯ની જોગવાઈ મુજબ તેમાં ઉકત જણાવેલ નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ વેચનાર ઉત્પાદક જાતે હોઈ અને ખરીદનાર ગ્રાહક જાતે હોઈ, તેઓને ઉકત ખેતીના ઉત્પન્ન ઉપર માર્કેટ શેષ ફી

ભરવાની રહેતી નથી, જયારે સદર ખેતીના ઉત્પન્ન ઉપર ખરીદનાર વેપારીઓએ બજાર સમિતિએ નકકી કરેલ દર મુજબ માર્કેટ શેષ ફી ભરેલ છે. જેથી બજાર સમિતિના ચેરમેનશ્રીએ હોદ્દાનો દુરુપયોગ કરેલ નથી.

જે તારણની નકલ આ સાથે સ્પષ્ટતા તરીકે સામેલ છે. તેમ છતાં મુદ્દા નં.૪થી બજાર સમિતિ, વડોદરાના હોદ્દેદારોને માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ પાસેથી બજાર ફી વસુલ ન કરવા માટે નોટીસ આપેલ છે. તો નોટીસ ઉપરોકત તારણોને ધ્યાનમાં લીધા સિવાય શરતચુકથી આપેલ હોય તેમ જણાય છે. જેથી આ સ્પષ્ટતા ધ્યાને લઈને મુદ્દા નં.૪નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

મુદ્દા નં.૪ બાબતનું તારણઃ–

માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ખેત ઉત્પાદનની પોતે ઉત્પાદક નથી. પરંતુ પુલીગ કરતી હોવાની રજૂઆત કરેલ છે. જયારે પુલીગની વ્યાખ્યા બાબતે નિયામકશ્રીના તા.૨૯/૪/૨૦૦૯ના પરિપત્રથી સ્પષ્ટતા કરેલ છે. જેમાં સહકારી સંસ્થાએ સભાસદોના ખેત ઉત્પાદનનું રૂપાંતર કરી વેચાણ કરવાના હોય છે. જેમાં સભાસદોને પોષણક્ષમ ભાવ આપવાનો મુખ્ય હેતુ હોય છે. જયારે માર્કેટ શેષ ફી ભરવાની થતી ન હોય ત્યારે જે તે સંસ્થાએ નમુના–૫માં આખરીનામું કરી પ્રમાણપત્ર મેળવવાનું હોય છે. ત્યારે માતાજી એગ્રો એ સહકારી સંસ્થા નથી તથા તેઓ ધ્વારા નમુના–૫ના આખરીનામા રજૂ કર્યાની કોઈ વિગત તેના જવાબ સાથે રજૂ કરેલ નથી. ત્યારે તેને શેષ ફી ભરવાની થતી નથી તેવા તારણ ઉપર શેના આધારે આવ્યા ? તેનો કોઈ ઉલ્લેખ જવાબમાં જણાતો નથી. જયારે માતાજી એગ્રોના પ્રોપાઈટર બજાર સમિતિના ચેરમેનના પત્નિ છે. તેથી તેઓએ માર્કેટ શેષ ફી નહીં ભરી બજાર સમિતિને આર્થિક નુકસાન પહોંચાડેલ છે તથા બજાર સમિતિની વહીવટીય અનિયમીતતા સ્પષ્ટ થાય છે. જવાબ સાથે રજૂ થયેલ રીપોર્ટ ધ્યાને લઈએ તો પણ ડાંગરની ખરીદી રૂા.૪,૭૫,૨૪,૮૦૦/– તથા ચોખાનું વેચાણ ૩,૪૪,૭૭,૮૧૦/–નું કરેલ છે. ત્યારે માતાજી એગ્રો પોતે અનાજનું ઉત્પાદન ન કરતી હોઈ, તેને માર્કેટ શેષ ફી ભરવાની નથી થતી તેવું ઓડીટરશ્રીનું તારણ યોગ્ય જણાતું નથી. વધુમાં આ બાબતે સંયુકત રજીસ્ટ્રાર(ઇન્સપેકશન) ધ્વારા પણ સ્પષ્ટ રીપોર્ટ આપેલ છે. બજાર સમિતિના હોદ્દેદારોએ માતાજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝની શેષ ફી નહીં વસુલ કરવા માટે બજાર સમિતિના હોદ્દેદારોએ તેઓની ઉપર કાયદાથી નાખવામાં આવેલ ફરજો બજાવવામાં ચૂક કર્યાનું પ્રસ્થાપિત થાય છે. ચેરમેનશ્રીએ પોંતાના અંગત સ્વાર્થ ખાતર બજાર સમિતિના હિતોને નુકસાન પહોંચાડેલ હોવાનું જણાય છે. બજાર સમિતિના હોદ્દેદારોએ વહીવટીય અનિયમીતતા કરી કસૂર કરેલ છે. જે બાબતે હોદ્દેદારો જવાબદાર છે.

મુદ્દા નં.૫ઃ– વડોદરા સયાજીપુરા મુખ્ય માર્કેટ યાર્ડમાં અનાજ વિભાગની દુકાનો અનુક્રમ નંબરઃ૯૩ થી ૧૩૯ પૈકી ૪૭ દુકાનો ફળફળાદીની દુકાનોમાં ટ્રાન્સફર કરી, ગેરકાયદેસર ઠરાવો કરી ' એપલ ડેવલપર્સ ' વડોદરા નામની એક જ પાર્ટીને દુકાનો નજીવી કિંમતે વેચી, જે એપલ ડેવલપર્સે એક દુકાન રૂા.૧૦ લાખ જેટલી રકમથી વેચાણ કરી બજાર સમિતિને મોટું નુકશાન પહોંચાડેલ છે.

મુદ્દા નં.૫ સંદર્ભે જવાબ :– ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના પૂર્વ સંચાલક મંડળે તેના વહીવટ દરમ્યાન ૪૮૪ દુકાનો બનાવેલ તેમાંથી નિયમાનુસાર જાહેરાતો આપી દુકાનોનું એલોટમેન્ટ કરેલ છે. અનેકવાર જાહેરાતો આપવા છતાં (કુલ ૧૫ વાર) પણ ૪૭ દુકાનો લેવા માટે કોઈપણ અરજદારો માંગણી કરતા ન હતા. વધુમાં આ માર્કેટ યાર્ડના બાંધકામ માટે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાની રાજમહેલ રોડ, વડોદરા શાખામાંથી રૂા.૧૪.૦૦ કરોડની લોન લેવામાં આવેલ હતી. જેનું વ્યાજ અંદાજે રૂા.૧૦.૦૦ કરોડ ભરપાઈ કર્યું હતું. તેમ છતાં બજાર સમિતિને અંદાજે રૂા.૧૮.૦૦ કરોડ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાને લોન તથા વ્યાજ પેટે બાકી પડતા હતા. જે માટે બેંકના મુંબઈ ખાતેના અધિકારીઓ સાથે વાટાઘાટો કરી વન ટાઈમ સેટલમેન્ટ (ઓટીએસ) રૂા.૧૦.૦૦ કરોડ નકકી કરવામાં આવ્યા હતા. જે પત્ર સામેલ છે. આમ કરવાથી સંસ્થાને રૂા.૮.૦૦ કરોડનો ફાયદો થયો છે. આ માટેના જોઈતા નાણા બજાર સમિતિના ભંડોળમાંથી ચુકવવાના હતા અને તેની આખરી મુદત તા.૩૧/૧૦/૨૦૧૦ની હતી. જેથી તે સમય અગાઉ નાણાં ચુકવવા પડે તેમ હતું. વધુમાં બજાર સમિતિનું સદર એકાઉન્ટ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાએ એનપીએ એકાઉન્ટ જાહેર કરેલ હતું. જેથી અન્ય કોઈ બેંકમાંથી બજાર સમિતિની મિલકત ઉપર લોન મળે શકે તેમ ન હતું અને બજાર સમિતિ માટે આર્થિક સ્ત્રોત તરીકે માત્ર અને માત્ર વારંવાર જાહેરાત આપવા છતાં પણ ખાલી પડી રહેલ સદરહુ ૪૭ દુકાનો અને બજાર સમિતિની દાવાગ્રસ્ત ખુલ્લી અને બિનઉપયોગી જમીન જ એક માત્ર નાણાકીય સ્ત્રોત હતી. જેથી આ દુકાનો અંગે વારંવાર જાહેરાત આપવા છતાં કોઈ માંગણીદાર ન આવતા એપલ ડેવલપર્સની લેખિત ઓફર બજાર સમિતિના સંચાલક મંડળને મળેલ હતી. ત્યાર બાદ બજાર સમિતિ ધ્વારા આ દુકાનોનું વેચાણ થાય તો બજાર સમિતિને થઈ રહેલ નુકસાન ઓછું થશે તથા બજાર સમિતિને ફાયદો થશે અને આ નાણાકીય કટોકટીમાંથી

બહાર આવી શકે. તેવા સંજોગોમાં પુખ્ત વિચારણા કરીને તેમની સાથે વાટાઘાટો કરી તેમની મુળ ઓફર રૂા.૧.૯૧ લાખની હતી, તેમાં વધારો કરીને રૂા.૨.૭૫ લાખ પ્રતિ દુકાન દીઠ ઓફર સ્વીકારીને નોન રીફંડેબલ પ્રિમીયમ તરીકે ૪૭ દુકાનો સયાજીપુરા માર્કેટ યાર્ડની અન્ય દુકાનો જે રીતે એલોટ કરેલી છે તે રીતે વાર્ષિક રૂા.૭૦૦૦/– પ્રતિ દુકાન દીઠ વપરાશ ફીથી એલોટ કરેલ છે અને નાણાકીય વ્યવસ્થાના ભાગરૂપે આ દુકાનોની ફાળવણી નોન રીફંડેબલ પ્રીમીયમથી કરેલ છે. જેની માલિકી બજાર સમિતિ, વડોદરાની જ રહે છે. બજાર સમિતિ, વડોદરાની તા.૨૩/૬/૦૨ની લાયસન્સ અને યાર્ડ સબકમિટિના ઠરાવ નં.૨ તથા તા.૧૫/૧૦/૦૯ની લાયસન્સ અને યાર્ડ સબકમિટિના ઠરાવ નં.૦૪ થી સર્વાનુમતે મંજૂર કરેલ છે. જેની નકલ સામેલ છે. વળી સદરહુ દુકાનો અધૂરા બાંધકામવાળી હોય એપલ ડેવલપર્સે બાકીનું જરૂરી સીવીલ વર્ક તથા શેડ બનાવવાનો ખર્ચ મળીને અંદાજે પ્રત્યેક દુકાન દીઠ રૂા. ૩ લાખ જેટલો ખર્ચ કરીને દુકાનો તૈયાર કરાવેલ છે.

ઉપરોકત બાબતે ઓડીટર ગ્રેડ–૧ શ્રી એમ.એમ.શુકલના તારણ મુજબ બજાર સમિતિએ કરેલ પ્રયત્નનો ઉલ્લેખ પણ કરેલ છે અને માત્ર એક સંસ્થાને આ દુકાનો ફાળવી શકાય નહીં તેવું એક માત્ર તારણ કરેલ છે. તે સિવાય કોઈ પણ પ્રકારની ગેરરીતી કર્યાનું તારણ નથી. જેની સામે બજાર સમિતિના સદસ્યોએ સમય અને સંજોગો લક્ષમાં લઈ ઓટીએસ માટે લીધેલ નિર્ણય યોગ્ય અને વ્યાજબી છે. આ સાથે ઓડીટરશ્રીના તારણની નકલ સામેલ છે.

વધુમાં ઉપર જણાવ્યું તેમ એક સંસ્થા કે એક વેપારીને એક કરતાં વધુ દુકાન ફાળવી શકાય નહી તેવો કોઈ પરિપત્ર કે પ્રતિબંધ નથી. પરંતુ ઉપરોકત દર્શાવેલ સંજોગોમાં ઓટીએસમાં રૂા.૧૦ કરોડ જેટલી રકમ ભરવાની હોય નિયમાનુસાર ઉપરોકત દુકાનોની ફાળવણી કરી છે. જે નિર્ણય અગાઉના બોર્ડનો એટલે કે ૨૦૧૦ના બોર્ડનો નિર્ણય હતો. આ મુદ્દો હાલની કમિટિને લાગુ પડતો નથી. આમ, આ મુદ્દા પર હાલની કમિટિને કોઈ પણ સંજોગોમાં સુપરસીડ કરી શકાય નહી.

વધુમાં એપલ ડેવલપર્સે ૧(એક) દુકાન રૂા.૧૦.૦૦ લાખથી વેચાણ કરેલ છે. તેવું નોટીસમાં દર્શાવેલ છે પણ આ રકમ કેવી રીતે અને કયાંથી લેવામાં આવી છે. તેનો કોઈ આધાર પુરાવો રજૂ કરેલ નથી, આમ આ રકમ તદ્દન ખોટી ધારણા આધારિત બજાર સમિતિને માત્ર સુપરસીડ કરવા દબાણ હેઠળ લાવવા માટે ઉપસ્થિત કરેલ છે તે સાબિત થાય છે.

આ ફાળવણી બાબતે માર્કેટ કમિટિએ જે તે વખતે ઠરાવો કરી નિર્ણય કરેલ, તે બાબતે આજદિન સુધી તે ઠરાવોને કે ફાળવણીને રદ કરતો હુકમ નિયામકશ્રીની કચેરી તરફથી કરવામાં આવેલ નથી એટલે કે તે નિર્ણય વ્યાજબી અને કાયદેસર કરવામાં આવેલ છે. તેવું પ્રસ્થાપિત થાય છે. તેમ છતાં આ મુદ્દો નોટીસમાં બળજબરીપૂર્વક રાજકીય દબાણથી આપવામાં આવેલ છે. તેથી સદરહુ મુદ્દા નં.૫નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

<u>મુદ્દા નં.૫ બાબતે તારણ</u> :–

આ બાબતે સમિતિના હોદ્દેદારો ધ્વારા રજૂઆત કરેલ છે કે, બજાર સમિતિની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તથા વારંવાર જાહેરાત આપવા છતાં કોઈ વેપારીએ સદર ૪૭ દુકાનની માગણી નહીં કરતાં ' એપલ ડેવલપર્સ 'ને ફાળવી આપેલ છે. જયારે બજાર સમિતિ તરફે રજૂ થયેલ જવાબ સાથે જે જાહેરાત દર્શાવેલ છે. તે સને ૨૦૦૦ના વર્ષની છે. હાલમાં બજાર સમિતિ ધ્વારા એક પણ જાહેરાત આપેલ હોય તેવા રેકર્ડ રજૂ થયેલ નથી. બજાર સમિતિ ધ્વારા થયેલ ઠરાવમાં સને ૨૦૦૯ના ન્યુઝ પેપરમાં જાહેરાત તથા ઈ–ટેન્ડરીંગ બાબતની રજૂઆત કરેલ છે. તે ધ્યાને લઈએ તો તેવી કોઈ જાહેરાત જવાબ સાથે રજૂ થયેલ નથી તથા તે જાહેરાત બાબતે કેટલી ઓફર આવી. તેનો પણ કોઈ ઉલ્લેખ અરજદારના જવાબમાં નથી. જયારે અરજદારે તા.૨૧/૮/૨૦૧૩ના ઓડીટર્સશ્રીના રીપોર્ટનો આધાર દર્શાવેલ છે. તેમાં પણ ક્રમાંકઃ ૧ થી ૧૩માં જે જાહેરાત દર્શાવેલ છે. તે તા.૨૯/૮/૨૦૦૦ થી લઈ તા.૫/૨/૨૦૦૧ સુધીની છે. ત્યાર બાદ ૧૦ વર્ષ સુધી શું પ્રયત્ન કરવામાં આવ્યા તેનો પણ કોઈ ઉલ્લેખ નથી. તથા સને ૨૦૦૯માં આપવામાં આવેલ જાહેરાતની કોઈ નકલ પૂરી પાડેલ નથી તથા જૂની જાહેરાત ધ્યાને લઈએ તો તેમાં સ્પષ્ટ જોગવાઈ સને ૨૦૦૦ની સાલમાં કરેલ હતી કે બજાર વિસ્તારના વેપારી તથા ખેડૂતોના અથવા સહકારી મંડળીઓને ફાળવણી કરવાની છે. આમ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની દુકાનોની ફાળવણી માટે નિયામકશ્રી ધ્વારા તા.૨૨–૨૭/૧૧/૧૯૯૯ના પરિપત્રમાં જે માર્ગદર્શન આપેલ છે. તેનું પાલન બજાર સમિતિએ કરેલ નથી. જેમાં મુખ્યત્વે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પેપરમાં જાહેરાત આપવાનું અને બંધ કવરમાં નોન રીફંડેબલ ડીપોઝીટ ખોલાવી ભાડેથી આપવાની જોગવાઈ છે. તે દુકાન અથવા પ્લોટ અથવા શોપ કમ ગોડાઉન બજાર વિસ્તારના લાયસન્સ ધરાવતા વેપારી તથા જનરલ કમિશન એજન્ટના ભાડા પેટે આપવાની જોગવાઈ છે તથા તે ભાડું જમીનની કિમત, તેના

INDEX

ઉપરના બાંધકામની કિંમત તેમજ પ્રવર્તમાન ભાડાના ધોરણો તથા જમીનનો વિકાસ વિગેરેને ધ્યાને લેવાના છે. વધુમાં લાયસન્સદાર વેપારીના છેલ્લા બે વર્ષની ખરીદ–વેચાણની વિગતો તથા માર્કેટ શેષ ફી ભર્યાની ખાત્રી કરવાની હોય છે. જયારે બજાર સમિતિ ધ્વારા ફાળવેલ દુકાનમાં પરિપત્રની જોગવાઈનું ટેન્ડરે કે જાહેરાત આપ્યા વગર ફાળવણી થઈ ન શકે. ત્યારે બજાર સમિતિના હોદ્દેદારો ધ્વારા જે ફાળવણી કરેલ છે. તે પ્રથમથી જ બજાર ધારાની જોગવાઈ સાથે સુસંગત નથી. બજાર સમિતિના હોદ્દેદારોની અણઆવડતના કારણે અથવા તો આયોજન વગરની કામગીરીના કારણે આયોજનનું ભારણ સંસ્થા ઉપર થતું હોય તો તેને માટે પણ હોદ્દેદારોની વહીવટી અણ આવડત જણાઈ આવે છે. પ્રસ્થાપિત કિસ્સામાં ' એપલ ડેવલપર્સ ' ધ્વારા જે કિંમતે દુકાનો ખરીદેલ છે. તેની કિંમત ઘણી નહીવત છે. બજાર સમિતિની રજૂઆત મુજબ તેઓને લોન ભરપાઈ કરવા માટેની આ રકમ પૂરતી ન હતી તથા કાયદાની જોગવાઈ વિરુધ્ધ વેપારીને કોઈ ફાળવણી થયેલ હોય તે પ્રથમથી જ ગેરકાયદેસર જણાય છે તથા ડેવલપર્સ ધ્વારા જાહેરાતની તારીખે પણ તે દુકાનોનું વેચાણ ચાલુ રાખેલ છે. આમ બજાર સમિતિના હોદ્દેદારો ધ્વારા બજાર સમિતિની દુકાનોની ફાળવણી ગેરકાયદેસર રીતે કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડેલ છે તથા તેની ઉપર લાદવામાં આવેલ ફરજોનું પાલન ન કરી વહીવટી બેદરકારી દાખવેલ છે

અહીયાં એવી દલીલ કરવામાં આવી છે કે, ઉપર જણાવેલ કામમાં નિર્ણય અગાઉના બોર્ડ ધ્વારા એટલે કે ૨૦૧૦ના બોર્ડ ધ્વારા લેવામાં આવેલ છે. તે દલીલ ટકી શકે તેમ નથી. કારણ કે, ૨૦૧૦નું બોર્ડ અને હાલના બોર્ડના હોદ્દેદારો એક જ છે. વર્ષ–૨૦૧૦માં જે હોદ્દેદારો સત્તા પર હતા તે જ હોદ્દેદારો આજે પણ સત્તા સ્થાને છે. આ કામગીરી ૨૦૧૦થી કસૂર ચાલુ થયેલ છે અને હાલ પણ કસૂર ચાલુ જ છે. તેથી આ દલીલ સ્વીકાર્ય નથી. તેથી અગાઉની અને હાલની બોડીના સભ્યો એક જ હોઈ, તેના માટે બજાર સમિતિના હોદ્દેદારો જવાબદાર જણાય છે.

<u>મુદ્દા નં.૬</u>:– ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરામાં સયાજીપુરા મુખ્ય માર્કેટ યાર્ડ અને હાથીખાના સબ માર્કેટ યાર્ડમાં આર.સી.સી. રોડના કામમાં જાહેરાત આપ્યા વગર બજાર સમિતિના ચેરમેન શૈલેષભાઈ પટેલના અંગત સંબંધીને કામગીરી સુપ્રત કરી ગેરરીતી આચરેલ છે.

<u>મુદ્દા નં.૬ સંદર્ભે જવાબ</u> :– બજાર સમિતિ, વડોદરાએ તા.૧૪/૦૯/૧૦ની લાયસન્સ અને યાર્ડ સબકમિટિના ઠરાવ નં.૦૨થી હાથીખાના સબ યાર્ડ ખાતે તથા તા.૨૨/૦૨/૧૧ની સામાન્ય સભાના ઠરાવ નં.૦૯ થી ૧૦ થી સયાજીપુરા મુખ્ય માર્કેટયાર્ડ ખાતે આર.સી.સી.રોડ બનાવવાનું સર્વાનુમતે ઠરાવ કરી નકકી કરેલ હતું. સદરહુ ઠરાવોની નકલો સામેલ છે. ત્યાર બાદ બજાર સમિતિ, વડોદરાના પેટા નિયમ–૫૪ પ્રમાણે બજાર સમિતિના લેટરપેડ ઉપર જાહેરાત તૈયાર મુખ્યયાર્ડ તથા સબ યાર્ડના નોટીસ બોર્ડ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કરી ઓફરો મંગાવેલ હતી. આવેલ ઓફરોનું તુલનાત્મક પત્રક બનાવી સૌથી ઓછા ઓફરકર્તાને કામની સોંપણી કરેલ છે. આ બાબતે તા.૧૦/૬/૨૦૧૧ની બાંધકામ સમિતિના ઠરાવ નં.૫થી સર્વાનુમતે મંજૂર રાખેલ છે જેની નકલો સામેલ છે.

આર.સી.સી. રોડના કામના અંદાજ પત્રકો સરકારના પેનલ પરના માન્ય આર્કીટેકટ મુકેશ પુરાણી એન્ડ એસોસીએટસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ અને જરૂર જણાયે તમામ તબકકે આર્કીટેકટશ્રીની સૂચના/માર્ગદર્શન મુજબ કામ કરેલ છે. તે અંદાજ પત્રકો સરકારશ્રીના પંચાયત(આર એન્ડ બી) ખાતાના એસઓઆર મુજબ બનવેલ અને તેને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (આર એન્ડ બી)સબ ડીવીઝન, વડોદરા ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે કે બનાવેલ અંદાજ પત્રકો સને ૨૦૧૧–૧૨ના એસઓઆર પ્રમાણેના છે. એટલે ખોટા એસ્ટીમેટ બનાવીને આર.સી.સી. રોડનું કામ કરાવ્યાનો આક્ષેપ તદ્દન પાયાવિહોણો છે. સદરહુ રોડ કામના સરકારશ્રીની પેનલ પરના માન્ય આર્કીટેકટશ્રીએ આપેલ એસ્ટીમેટસ રૂા.૫.૨૪ કરોડના હતા. જયારે સરકારશ્રીની માર્ગ અને મકાન વિભાગની કોસ્ટ મુજબના એસ્ટીમેટસ (એસઓઆર) પ્રમાણે રૂા.૫.૬૨ કરોડના થાય છે. જયારે બજાર સમિતિએ કરાવેલ કામ બાદ ચુકવેલ રકમ ઉપરોકત બન્ને એસ્ટીમેટસ કરતાં ઓછી એટલે કે રૂા.૩.૮૭ કરોડ ચુકવેલ છે. જેના પરથી સાબિત થાય છે કે બજાર સમિતિને ફાયદો થયેલ છે. જેની નકલ સામેલ છે. આમ આ બાબતે કોઈ અનિયમીતતા જણાયેલ નથી.

સદર એસઓઆર મુજબના રેટ કરતાં ૨૫% જેટલો ઓછો ખર્ચ થયો તે બજાર સમિતિ, વડોદરાના આર્કીટેકટના ચીવટપૂર્વકના સુપરવીઝન તથા કરકસરને કારણે થયો છે. બનાવેલ આર.સી.સી. રોડને ૦૩ વર્ષ જેટલો સમય થઈ ગયો છે. તેમ છતાંય રોડની ગુણવત્તા સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. આ હકીકતને સ્વીકારવાના બદલે બીજો આક્ષેપ સદર રોડની ગુણવત્તા હલકી કક્ષાની હોઈ શકે તેવો કરવામાં આવ્યો છે. પરંતુ આવો આક્ષેપ કરતાં પહેલાં બનેલા રોડની ગુણવત્તાની ટેકનીકલ ચકાસણી સુધ્ધાં આક્ષેપ કરનારાઓએ કરી નથી.

INDEX

આમ સદરહુ મુદ્દે બજાર સમિતિએ કોઈ પણ પ્રકારની ગેરરીતી કરેલ નથી કે નબળું કામ થવા દીધું નથી અને આજની તારીખે પણ સદરહુ રોડ રસ્તા પેચવર્ક માગ્યા સિવાય સુંદર રીતે ટ્રકોના આટલા બધા આવન જાવન (વાર્ષિક ૫ લાખ ટન)નો ઘસારો હોવા છતાં મજબુત રીતે સંતોષકારક છે. જેથી એસઓઆર રેટના મુળ ટેન્ડર કરતાં પણ રૂા.૧,૪૨,૧૮,૧૪૫/–નો ઓછો ખર્ચ કરી જે કામ કરેલ છે તે કામ માટે બજાર સમિતિની કદર કરવાને બદલે આ કલમ–૪૬ હેઠળ મુદ્દો બનાવેલ છે તે યોગ્ય અને વ્યાજબી નથી.

આ મુદ્દા અંગે બજાર સમિતિ સામે FIR 198/2014માં અમારો જવાબ ધ્યાને લઈ Misc Cr. Application 18568/2014માં નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જે સ્ટે આપવામાં આવેલ છે. છતાંયે અત્રે કલમ–૪૬માં આ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ છે. જેની સ્પષ્ટતા ઉપર મુજબ છે. આ સાથે FIRની નકલ તથા નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટે ઓર્ડરની નકલ સામેલ છે.

મુદ્દા નં.૬ની આર.સી.સી. રોડના મુદ્દા નીચે છેલ્લા પેરામાં રૂા.૨.૫૦ કરોડની સબસીડીનો મુદ્દો ઉમેરી દેવામાં આવ્યો છે. તે અંગે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે પ્રસ્તુત બાબતે અગાઉ સરકારશ્રી ધ્વારા આ મુદ્દા અંગે માનનીય નાયબ સચિવશ્રી(ધિરાણ), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રાંક નંબર:એપીએમ–૧૨૨૦૦૯–૧૧૯૬–ગ, તા.૨૭/૧/૨૦૧૦ના રોજ નીચે પ્રમાણેનો હુકમ કરેલ છે.

–: હુકમ :–

આથી હું શ્રી જે. એ. ઠક્કર, નાયબ સચિવ(ધિરાણ), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ:૧૯૬૬ની કલમ–૪૬(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાને આપવામાં આવેલ ઉકત નોટિસ દફતરે કરવા હુકમ કરું છું.

સદરહુ હુકમની નકલ આ સાથે સામેલ છે. જેથી સદરહુ મુદ્દો પણ સરકારશ્રીએ અગાઉ નિર્ણય લઈને દફતરે કરેલ છે. જેથી મુદ્દા નં.૬નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

<u>મુદ્દા નં.૬ બાબતે તારણ</u> :–

બજાર સમિતિ ધ્વારા રૂા.૫,૨૪,૬૯,૦૦૦/– જેવી રકમનું કામ કોઈ પ્રકારની જાહેરાત આપ્યા વગર, નોટિસ બોર્ડ ઉપર જાહેરાત પ્રસિધ્ધ કર્યાનું જવાબમાં સ્વીકારેલ છે. તે દર્શાવે છે કે, બજાર સમિતિના હોદ્દેદારો ધ્વારા કોઈ પણ પ્રકારની બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપ્યા વગર, યોગ્ય લાયકાત નહી ધરાવતા કોન્ટ્રાકટરને કામ આપી અંગત સ્વાર્થ માટે પ્રસ્થાપિત કરેલ જોગવાઈઓનું પાલન કરેલ નથી તથા તે સામે થયેલ ક્રીમીનલ ફરિયાદમાં ખોટા પુરાવા ઉભા કરી, સરકારમાંથી સહાય લેવાની બાબત છે. જયારે અત્રેથી આપેલ નોટિસમાં ચેરમેનશ્રીના સંબંધીઓને ટેન્ડર પ્રક્રિયા વગર આરસીસી રોડના કામની બાબત છે. આર.સી.સી. રોડના બાંધકામ અંગેનો મુકેશ પુરાણી એન્ડ એસોસીએટસ તરફથી પ્લાન એસ્ટીમેટ રૂા.૫,૨૪,૬૯,૦૦૦/– નો હતો. તેની સામે આશરે ૨૦ % જેટલો કેટલો ઓછો કુલ રૂા.૪,૧૯,૭૨,૫૪૧/– નો ખર્ચ થયેલ હોવા અંગેનું કામ પૂર્ણતા પ્રમાણપત્ર મુકેશ પુરાણી એન્ડ એસોસીએટસ તરફથી રજૂ થયેલ છે. તે જોતાં આર.સી.સી. રોડના બાંધકામની કામગીરીમાં પ્લાન એસ્ટીમેટ બહુ ઉંચી કિંમતના તૈયાર કરવામાં આવેલ અથવા તો ૨૦ % જેટલો ઓછો ખર્ચ થયો હોવાથી બાંધકામની ગુણવત્તા ઉતરતી કક્ષાની હોઈ શકે. આ બાબતે બાંધકામમાં વપરાયેલ માલસામાનની ગુણવત્તા અંગે તેની ચકાસણી બજાર સમિતિ ધ્વારા ખરીદી થયેલ હોવાનું જણાતું નથી. રાજય સરકારના કૃષિ અને સહકાર વિભાગના તા.૧૩/૨/૨૦૧૩ના ઠરાવથી કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ બજાર સમિતિના આધુનિકરણ અને પાયાની સગવડો ઉભી કરવા માટે બજાર સમિતિ, વડોદરાને આર.સી.સી. રોડ અને અન્ય કામો માટે રૂા.૧,૭૭,૫૮,૦૦૦/–ની સહાય મંજૂર કરેલ છે. જે સહાય તા.૩૧/૩/૨૦૧૩ની સ્થિતિએ વપરાયા વગરની યથાવત જમા રહેલ છે. વડોદરા ખેત ઉત્પન્ન બજાર સમિતિ સામે નોંધાવવામાં આવેલ એફ.આઈ.આર. અંગે ફોજદારી ધારાની જોગવાઈઓ હેઠળની કાર્યવાહી/તપાસની કામગીરી વિરુધ્ધ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા મનાઈહુકમ આપવામાં આવેલ છે. જયારે હાલની કારણદર્શક નોટિસ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ–૧૯૬૬ની કલમ:૪૬ હેઠળ કાર્યવાહીની બાબત અંગેની છે. બન્ને કાયદાઓ અલગ અલગ છે. તેથી બન્ને કાયદા હેઠળ અલગ અલગ કાર્યવાહીની બાબત છે.

રૂા.૨.૫૦ કરોડની રકમનો ઉલ્લેખ ફકત વિવરણના સ્વરૂપમાં થયેલ છે. આ બાબતે અગાઉ ૪૬ હેઠળની નોટિસ આપવામાં આવેલ. તે અન્વયે તા.૨૭/૧/૨૦૧૦ના રોજ હુકમ થઈ ગયેલ છે. તેથી આ પેટા મુદ્દા અંગે કોઈ

INDEX

કાર્યવાહી અપેક્ષિત નથી. પરંતુ રૂા.૫,૨૪,૬૯,૦૦૦/– ના કામ માટે વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ નથી કરી તે માટે બજાર સમિતિના હોદ્દેદારો જવાબદાર છે.

આમ બજાર સમિતિ ધ્વારા રજૂ કરેલ જવાબ તથા રીપોર્ટ ધ્યાને લેતાં બજાર સમિતિના હોદેદારો જવાબદાર છે.

<u>મુદ્દા નં.૭:–</u> બજાર સમિતિમાં રાઈપનીંગ ચેમ્બર તૈયાર કરીને તેમાં ફળ–ફળાદી પકાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી ક્રેટની ખરીદીમાં અનિયમીતતા બાબત.

<u>મુદ્દા નં.૭ સંદર્ભે જવાબ</u>:–

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરાના સયાજીપુરા માર્કેટ યાર્ડમાં રાઈપનીગ ચેમ્બર તૈયાર કરીને તેમાં ફળ–ફળાદી પકાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી ક્રેટની ખરીદીમાં અનિયમીતતા બાબતના મુદ્દા બાબતે સ્પષ્ટતા કરવાની કે બજાર સમિતિના ટર્નકી કન્સલટન્ટ " પી.એસ.મેનેજમેન્ટ કન્સલટન્ટ " ગુજરાત સરકારના પણ કન્સલન્ટન્ટ છ અને ગુજરાત રાજયની એગ્રો પોલીસી બનાવવામાં તેમનું મહત્વનું યોગદાન રહેતું હોય છે. તેઓ ઘણી બજાર સમિતિના પ્રોજેકટ કન્સલન્ટન્ટ તરીકે સેવા આપે છે. તેઓએ વર્લ્ડ બેંક, એશીયન ડેવલપમેન્ટ બેંક, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, મોટી સુગર ફેકટરીઓ ICAR (Indian Council of Agricultural Research), સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ બરોડા, યશ બેંક જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે કરોડો રૂપિયાના પ્રોજેકટસના કામો કન્સલટન્ટ તરીકે કરેલ છે. જેની વિગતો સામેલ છે. આવા અનુભવી કન્સલટન્ટને લીધે બજાર સમિતિને રાઈપનીગ ચેમ્બરની બાંધકામ અને મશીનરી અંગેની જાહેરાતમાં આવેલ ટેન્ડર ઓફર રૂા.૯૨,૬૭,૮૨૬/– હતી જેની સાથે તેઓશ્રીની મધ્યસ્થી તરીકે વાટા ઘાટો બાદ તે ઓફર રૂા.૭૮,૨૦,૦૦૦/–ની નકકી થઈ હતી અને આ રીતે બજાર સમિતિને રૂા.૧૪,૪૭,૮૨૬/– લાખનો ફાયદો એસ્ટીમેટેડ કિંમત કરતાં થયો હતો. વધુમાં ટર્નકી પ્રોજેકટની શરતો મુજબ સીવીલ કામના પ્લાન, એસ્ટીમેટ, ટેન્ડર બનાવવું , પેપરમાં જાહેરાત, સીવીલ વર્કનું સુપરવીઝન, મશીનરી ખરીદી તથા ઈન્સ્ટોલેશનનું સુપરવીઝન, બીલ ચેકીંગ, સર્ટીફીકેશન, ગર્વમેન્ટ સબસીડીનું લાયેઝન, ૬ % back ended interest subsidy વગેરે તમામ પ્રકારની કામગીરી તેમના ધ્વારા થયેલ છે. સીવીલ કામના પ્લાન, એસ્ટીમેટ, સુપરવીઝન, બીલ ચેકીંગ, સર્ટીફીકેશન વગેરે કામના આર્કીટેકટ અલગથી ૩ % પ્રમાણે ફી લેતા હોય છે. જે બજાર સમિતિએ ટર્નકી કન્સલટન્ટ તરીકે પી. એસ. મેનેજમેન્ટ કન્સલટન્ટ ને ચુકવેલ ૪ % ફીમાં સમાવેશ થઈ ગયેલ છે. જેથી બજાર સમિતિને અન્ય કોઈ એજન્સીની અલગથી નિમણુંક કરવી પડી નથી. જેથી તેમની નિમણુંક યોગ્ય અને વ્યાજબી છે.

ક્રેટની ખરીદી બાબતે પણ વિવિધ નામાંકિત કંપનીઓ પાસે ઈ–મેલથી ભાવો મંગાવેલ. જે પૈકીના સરકારના હોર્ટીકલ્ચર ડીપાર્ટમેન્ટની માન્ય અને એમ્પેનલ્ડ કંપની " નીલકલમ લી."ની ઓફર રૂા.૩૬૦/– પ્રતિ કેટ દીઠને વાટાઘાટો કરી, રૂા.૩૫૪/– પ્રતિ કેટ પ્રમાણેની કરી બજાર સમિતિની જરૂરિયાત મુજબ ૫૦૪૦ ક્રેટ ખરીદવામાં આવ્યા હતા. આ ભાવોથી ઓછા ભાવો મળી શકે તેમ ન હોવાથી રૂા.૩૫૪/– ભાવ નીચો જણાતાં આ ઓફરને સ્વીકારેલ છે. જેથી સદરહુ ખરીદી બિલકુલ યોગ્ય અને વ્યાજબી છે અને નિયમાનુસાર છે. બજાર સમિતિની ખરીદીના ૫૦૪૦ ક્રેટ ઈજારદારશ્રી ત્રિલોકકુમાર ઘનશ્યામદાસને એક વર્ષ માટે ૬.૧૫ લાખના વાર્ષિક ઈજારાથી આપેલ છે. તેમાં ઈજારદારને સદરહુ ક્રેટની સોંપણી કરેલ છે અને તેની પહોંચ પણ મેળવેલ છે અને ઈજારો પુરો થતાં સદરહુ ક્રેટનો કબજો પરત મેળવી લેવામાં આવશે અને તુટેલા ભાગેલા કે ખોવાયેલા ક્રેટની નિયમાનુસાર ઘસારા બાદની રકમ મુજબ વસુલ લેવાની થશે તે વસુલ લેવામાં આવશે તેની લેખિત બાંહેધરી પણ લીધેલ છે. જેથી આ બાબતે કોઈ ગેરરીતી થયેલ નથી. આ મુદ્દે સ્થળ તપાસ કરનાર ઓડીટર ગ્રેડ–૧ શ્રી એમ.એમ.શુકલના તારણ અનુસાર " ક્રેટ ખરીદી સંબંધી બજાર સમિતિ, વડોદરાના " ટર્ન કી કન્સલ્ટન્ટ " પી.એસ.મેનેજમેન્ટ કન્સલ્ટન્ટશ્રી ધ્વારા ઈન્ટરનેટ ધ્વારા ભાવો મંગાવી બજાર સમિતિની જરૂરિયાતને અનુરૂપ ક્રેટ ઈજારદારશ્રીને રસીદ મેળવી આપેલ છે. વધુમાં ચેરમેન/સેક્રેટરીશ્રીના નિવેદનમાં ક્રેટની જવાબદારી કરાર આધારિત ઈજારદારની રહેતી હોવાનું જણાવેલ છે. જેથી સ્ટોક બજાર સમિતિ, હસ્તક રહેતો નથી.

INDEX

જેની નકલ સામેલ છે. જેથી સદરહુ મુદ્દા નં.૭નો જવાબ ગ્રાહય રાખવા વિનંતી છે.

(૧) બજાર સમિતિ, વડોદરાને આપેલ કારણદર્શક નોટીસમાં જણાવેલ હકીકતો ખરી નથી.

(૨) આપની નોટીસના મુદ્દા નં.૧ થી ૭માં જણાવેલી હકીકતો સત્યથી તદ્દન વેગળી અને રાજકારણ પ્રેરિત હોઈ તથા બજાર સમિતિમાં કોઈ અનિયમીતતા થયેલ નથી. તેથી બજાર સમિતિને તે હકીકતો સ્વીકાર્ય નથી.

(૩) નોટીસમાં જે વિવિધ મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તે મુદ્દાઓમાં માનનીય ઓડીટરશ્રીએ રજૂ કરેલા તારણ મુજબ દરેક દરેક મુદ્દાઓ માટે દિનેશભાઈ બી.પટેલ(દીનુ મામા) ધારાસભ્યશ્રી પાદરાની અરજીઓના મુદ્દાઓના આધારે અને તેવા રાજકીય દબાણો સહ ઉપજાવી કાઢેલા મુદ્દાઓ છે અને બજાર સમિતિના વહીવટને બીનજરૂરી દખલગીરીથી પ્રેરિત મુદ્દાઓ છે.

(૪) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વડોદરા જીલ્લાની અગ્રણી બજાર સમિતિ છે અને બજાર સમિતિ, વડોદરાની હાલની કમિટિના વહીવટ દરમ્યાન બજાર સમિતિ, વડોદરાને દેવા મુકત કરેલ છે અને બજાર સમિતિનો વિકાસ આ સાથેના લીસ્ટ મુજબ વર્ષ ૨૦૦૯–૧૦ થી ૨૦૧૩–૧૪ સુધીમાં ૧૨૪% જેટલો ગ્રોથ થયેલ છે. જેનું સ્ટેટમેન્ટ આ સાથે (પરિશિષ્ટ– X) થી સામેલ છે. તદ્દઉપરાંત આ સંસ્થા ISO 9001-2008 નું QMS નું સર્ટીફીકેટ છેલ્લા ૩(ત્રણ) વર્ષથી સતત ધરાવે છે. જે તેના પારદર્શક અને પ્રગતિશીલ વહીવટની પ્રતીતી કરાવે છે. જે(પરિશિષ્ટ– Y) થી સામેલ છે.

(૫) વધુમાં એગ્રીકલ્ચર ટુડે નામના નેશનલ એગ્રીકલ્ચર મેગેઝીનના ફેબ્રુઆરી–૨૦૧૫ના અ અંકમાં " The Expanding Indian Markets " અંગેનો અભ્યાસપૂર્ણ કવર સ્ટોરી આર્ટીકલ જે પાન નંબર ૨૨ થી ૨૯ લખાયેલ છે. તેમાં APMC, VADODARA THE CENTRE OF EXELLENCE તરીકે દર્શાવી ભારતભરના કુલ ૭૦૦૦ માર્કેટ યાર્ડો પૈકી બજાર સમિતિ, વડોદરાના salient features પર છણાવટપૂર્વક APMC, vadodara ની કામગીરીની પ્રસંશા કરેલ છે. જે મેગેઝીનની અસલ આવૃત્તિની કોપી સદરહુ કારણદર્શક નોટીસના સંદર્ભમાં તટસ્થ સંસ્થા ધ્વારા કરાયેલ મુલ્યાંકન તરીકે (પરિશિષ્ટ– Z) થી રજૂ કરીએ છીએ.

(૬) આપ સાહેબ સમક્ષ તા.૨/૩/૨૦૧૫ના પત્રથી બજાર સમિતિના એડવોકેટશ્રી ડી.બી.રાણ ધ્વારા શો કોઝ નોટીસના પ્રાથમિક વાંધાઓ રજૂ કરેલ છે, જે ધ્યાને લેવા અમારી નમ્ર વિનંતી છે.

(૭) ઉપરોકત પ્રાથમિક મુદ્દાઓ બાદ કાનુની હકીકત જણાવતાં આપ સાહેબશ્રીનું ધ્યાન દોરીએ છીએ કે કોઈપણ મુદ્દાની તપાસ અને કાર્યવાહી એક રીતે થાય પરંતુ તેના તે જ મુદ્દાઓ પર વિવિધ પ્રકારની કાર્યવાહી થાય તે કોઈપણ સંજોગોમાં માનવ અધિકાર અને કાયદાની જોગવાઈઓથી વિપરીત બાબત છે અને તે રીતે જોઈએ તો બજાર સમિતિ, વડોદરાના સભ્યશ્રીઓ પર કલમ–૫૦ હેઠળ વસુલાત માટેનો હુકમ તા.૧/૧૧/૨૦૧૪નો નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્ર, ગાંધીનગર ધ્વારા થયેલ છે. આજ મુદ્દાઓ પર સીટી પોલીસ સ્ટેશન, વડોદરા ખાતે એફ.આઈ.આર. પણ દાખલ કરવામાં આવેલ છે. છતાંયે આપશ્રી ધ્વારા તેના તે જ કારણોસર કલમ–૪૬ મુજબ ઓમને કારણદર્શક નોટીસ આપવામાં આવી છે. જે કાનુની અધિકારો ઉપર તરાપ મારનાર છે.

(૮) આમ ઉપરોકત તમામ મુદ્દાઓની વિગતો ધ્યાને લેતા બજાર સમિતિના પ્રવર્તમાન સદસ્યશ્રીઓએ બજાર સમિતિ, વડોદરાને કોઈ પણ મુદ્દામાં આર્થિક નુકશાન થાય તેવી કોઈ કાર્યવાહી કરેલ નથી કે કરવામાં આવેલ આક્ષેપોમાં ખરેખર કેટલા રૂપિયાનું આર્થિક નુકશાન થયું છે તેવી સ્પષ્ટતા કયાંય કરેલ નથી. વળી, કલમ–૪૬ની વ્યાખ્યા અનુસાર બજાર સમિતિના તેમની ફરજ બજાવવામાં Persistently એટલે કે વારંવાર ભૂલો કરી હોય તો આ કલમ લાગુ કરી શકાય. પરંતુ તેવો કોઈ કેસ અત્રે બનતો નથી.

આમ ભૂતકાળ અને વર્તમાન સમયની સરખામણીમાં હાલની કમિટિએ તેમની ફરજો પ્રમાણિકતાથી અને જવાબદારીપૂર્વક નિભાવેલ છે. તેમની સારી કામગીરી હોવાથી ઈર્ષાના કારણે શ્રી દીનુમામા, ધારાસભ્યશ્રી પાદરા પાસે ખોટા આક્ષેપો કરતી અરજી કરાવેલ હતી. આ બાબતે દીનુમામાને ખરેખર સાચી પરિસ્થિતિથી વાકેફ કર્યા અને બજાર સમિતિનો વિકાસ જોયા બાદ તેઓશ્રીએ તેમના તા.૧૦/૩/૨૦૧૫ના પત્રથી તેમના ધ્વારા થયેલ અરજી દફતરે કરવા જણાવેલ છે તે પત્રની નકલ (પરિશિષ્ટ– ZZ) થી સામેલ છે.

INDEX

ઉપરોકત તમામ મુદ્દાઓના કરેલ જવાબોની સ્પષ્ટતા તથા તેના પરિશિષ્ટોની વિગતો ધ્યાને લઈને સદરહુ બાબતો હાલ કાનુની પ્રક્રિયા હેઠળ નામ. ગુજરાત હાઈકોર્ટ ખાતે સબજયુડીસ હોવાથી આ કારણદર્શક નોટીસ દફતરે કરવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

આ ઉપરોકત અમોને કાનુની સલાહ પ્રમાણે ફરીથી વધુમાં કોઈ સ્પષ્ટતા કરવાની જરૂર જણાશે તો અમારા કાનુની હકક અને અધિકાર અબાધિત રાખી કલમ–૪૬ની નોટીસનો જવાબ આપેલ છે તથા આ લેખિત જવાબ સાથે મૌખિક રજૂઆત પણ કરવાની હોવાથી મૌખિક રજૂઆતની તક આપવા નમ્ર વિનંતી છે.

મુદ્દા નં.૭ બાબતે તારણ :–

બજાર સમિતિ ધ્વારા રાઈપનીંગ ચેમ્બર માટે કુલ પ્રોજેકટ રૂા.૧.૨૦ કરોડનો હતો. તેના માટે ૪ % લેખે કન્સલ્ટીંગ ફી નકકી કરી. આ કામ માટે બજાર સમિતિએ કોઈ જાહેરાત આપેલ નથી. બજાર સમિતિએ ક્રેટની ખરીદી રૂા.૧૭.૮૪ લાખની કરતી વખતે પણ કોઈ ટેન્ડર કે જાહેરાત આપી ટેન્ડર મંગાવેલ નથી. આમ જાહેરાત આપી ટેન્ડર મંગાવ્યા હોત તો બજાર સમિતિને વધુ અનુભવી તથા વધુ સારા દરે મેનેજમેન્ટ કન્લટન્ટ મળી શકયા હોત તથા ક્રેટની ખરીદી માટે પણ ઈ–મેલથી ભાવ મંગાવવાની રજૂઆત જવાબ સાથે કરેલ છે. આમ બજાર સમિતિ ધ્વારા કરાવવામાં આવતા તમામ કામો બહોળી પ્રસિધ્ધિ ધરાવતા ન્યુઝ પેપરમાં જાહેરાત આપ્યા વગર, યોગ્ય પ્રક્રિયા કર્યા વગર સંબંધીત પાર્ટીઓને કામ આપવાથી બજાર સમિતિમાં વધુ સારા અને ઓછી કિંમતે કામ કરી શકે તેવી એજન્સી મળી શકેલ નથી. આમ કરોડો રૂપિયાના કામો વગર ટેન્ડરે આપવાથી પ્રથમ દ્રષ્ટિએ જ બજાર સમિતિના હોદ્દેદારો અંગત લાભ લેવા, પ્રસ્થાપિત કરેલ પ્રક્રિયાને અનુસર્યા વગર કામગીરી કરેલ છે. સંયુકત રજીસ્ટ્રારશ્રી(ઈન્સપેકશન)ના અહેવાલમાં જણાવ્યા અનુસાર બજાર સમિતિએ સામાન્ય સભાના તા.૨૫/૭/૨૦૧૩ના ઠરાવથી શ્રી ત્રિલોકકુમાર ઘનશ્યામદાસને રાઈપનીંગ ચેમ્બર એક વર્ષ માટે રૂા.૬.૧૫ લાખના ઈજારાથી ભાડે આપેલ છે. આ ઈજારાની જે શરતો નકકી કરેલ છે. તેમાં ઈજારદારને ક્રેટ સોંપવાની કોઈ શરત ન હોવા છતાં સદર ઈજારદારને ૫૦૪૦ નંગ ક્રેટસ સોંપી દીધેલ છે. ક્રેટસની જાળવણી અને ભાંગ તૂટ સંદર્ભે રીકવરી બાબતે કે ભાડા સંબંધીત કોઈ શરત રાખવામાં આવેલ નથી. બજાર સમિતિ તરફથી ક્રેટનું સ્ટોક રજીસ્ટર નિભાવેલ નથી. આમ ક્રેટની ખરીદીમાં અને ઈજારદારને ક્રેટની બિનશરતી સોંપણી કરવા બાબતે સમિતિના હોદ્દેદારો ધ્વારા અનિયમીતતા આચરેલ હોવાનું જણાય છે. જે માટે બજાર સમિતિના હોદ્દેદારો જવાબદાર છે.

અત્રે એ નોંધનીય છે કે, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સ્થાપના ખેડુતોના હિતોને લક્ષમાં લઈને કરવામાં આવેલી હોય છે. ખેડૂતોને તેમની ખેત ઉપજના યોગ્ય અને વાજબી ભાવો મળી રહે અને તેમનું કોઈ વ્યાપારીઓ ધ્વારા કે વચેટીયાઓ ધ્વારા શોષણ ન થાય તે હેતુસર આવી બજાર સમિતિઓનું ગઠન કરવામાં આવે છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં કામ કરતા હોદ્દેદારો, ખેડૂતો, વેપારીઓ અને સહકારી મંડળીઓના પ્રતિનિધિઓમાંથી ચૂંટાતા હોય છે અને તેમની એ ફરજ હોય છે કે તેઓ બજાર સમિતિનો વહીવટ એવી રીતે કરે કે જેથી વહીવટમાં પ્રમાણિકતા, નિષ્ઠા અને પારદર્શકતા રહે. બજાર સમિતિના હોદ્દેદારોએ બજાર સમિતિમાં રહીને ખેડૂતોના અને ખરીદ અને વેચાણ સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓનો સર્વાંગી વિકાસ થાય તે જોવાનું હોય છે. બજાર સમિતિના હોદ્દેદારોની એ ફરજ છે કે તેઓ બજાર સમિતિની મિલકતોની યોગ્ય રખેવાળી કરે અને બજાર સમિતિના આવક અને ખર્ચના હિસાબો યોગ્ય અને સાચી રીતે રાખે બજાર સમિતિને કોઈપણ રીતે આર્થિક નુકસાન ન થાય તે જોવાની અને તકેદારી રાખવાની હોદ્દેદારોની ફરજ હોય છે.

પ્રસ્તુત કેસમાં આ બજાર સમિતિના હોદ્દેદારોને આપવામાં આવેલ કારણદર્શક નોટીસ, તેમના ખુલાસાઓ અને તપાસ અહેવાલ અને પુરાવાઓ જોતાં એ બાબત સ્પષ્ટપણે સાબિત થાય છે કે આ હોદ્દેદારોએ બજાર સમિતિના હિતોની જાળવણી કરવાને બદલે તેઓએ તેમના હોદ્દા દરમ્યાન યોજનાપૂર્વક એવા નિર્ણયો કરેલા છે કે જેના કારણે બજાર સમિતિના આર્થિક હિતોને ગંભીર નુકસાન પહોંચાડેલ છે. આ સંજોગોમાં બજાર સમિતિના આ હોદ્દેદારોએ બજાર સમિતિના હિતોની જાળવણી કરવાને બદલે એવા નિર્ણયો અને હુકમો કરેલા છે જેના કારણે બજાર સમિતિને મોટું આર્થિક નુકશાન પહોંચાડેલ છે.

Terms and Conditions for Loans

Sr.No.	Purpose For which Loan sanctioned	Tenure in years	Rate of Interest	Mode of Payment
1	Machinery	10	4 % per annum or as decided by Govt. time to time.	Loan should be repaid in nine equal annual instalments,the first instalment being due at the end of second year.
2	Tools & implements	5	4 % per annum or as decided by Govt. time to time.	Loan should be repaid in four equal annual instalments,the first instalment being due at end of the second year.
3	Gramodhyog Working capital	5	4 % per annum or as decided by Govt. time to time.	Not less than 30 percent to be repaid at the end of third year,another 30 percent at the end of the forth year and the balance 40 percent at the end of the fifth year.
4	Loan for pucca structure	10	4 % per annum or as decided by Govt. time to time.	Loan should be repaid in nine equal annual instalments,the first instalment being due at end of the second year.
5	Loan for kutcha structure	5	4 % per annum or as decided by Govt. time to time.	Loan should be repaid in four equal annual instalments,the first instalment being due at end of the second year.
6	Loan for share capital to co-operative and capital formation to registered institution.	5	4 % per annum or as decided by Govt. time to time.	Loan should be repaid in four equal annual instalments,the first instalment being due at end of the second year.
7	Gramodhyog Loan for stocking purpose	$1\frac{1}{2}$	4 % per annum or as decided by Govt. time to time.	75 percent of the Loan to be repaid at the end of 12 months and the balance at the end of 18 months.
8	Gramodhyog working fund	5	4 % per annum or as decided by Govt. time to time.	Not less than 30 percent to be repaid at the end of third year,another 30 percent at the end of the forth year and the balance 40 percent at the end of the fifth year.Activities close or spend an amount in another activities. or govt.may advise.
9	Khadi working fund	5	4 % per annum or as decided by Govt. time to time.	Not less than 30 percent to be repaid at the end of third year,another 30 percent at the end of the forth year and the balance 40 percent at the end of the fifth year.Activities close or spend an amount in another activities or govt.may advise.

INDEX

GUJARAT STATE KHADI AND VILLAGE INDUSTRIES BOARD, AHMEDABAD
Terms and Conditions for Loans

NOTE : (1) Penal interest @ rate of 5% annual shall be charged on all defaulted loans/loan installment, subject to certain conditions.

(2) Loan amount will be utilize for the purpose for which it will be sanctioned, if not utilize for specific time and purpose, the additional penal interest of 7% p.a. will be levied from the date of issue of the such loans.

(3) Board has been empowered to recover due loan/ grant/Interest/Penal Interest as per Revenue Department's Notification No.GHM-2001-87-M-ADHK-212000-844-L Dated 19-10-2001 and 5 % service charge will be recovered from the total recovered amount including loan/interest/penal interest.

(4) House Building Advance(HBA),Motor Cycle Advance (MCA),Festival Advance, Food Grain Advance will be applicable to the officer/employee of the board as per government rules amended from time to time.

INDEX

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ– ૦૫/૦૬/૨૦૧૫.

ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ– ૨૦૦૬

નં. જીએચયુ/૨૪/૨૦૧૫–જીએમયુ.–૧૦૨૦૦૯/૯૭૧/૫૮૪૧૦૨/ખ–૧, ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ, ૨૦૦૬ (ગુજરાતના ૨૦૦૬ ના ૨૪ મા) ની કલમ ૩૬ હેઠળ મળેલી સત્તાની રૂએ અને ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ નિયમો, ૧૯૬૬ ને રદ કરીને, ગુજરાત સરકાર, આથી, અધિનિયમના હેતુ પાર પાડવા માટે નીચેના નિયમો ઘડે છે. એટલેકેઃ

૧. **ટૂંકી સંજ્ઞાઃ**

આ નિયમો ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ નિયમો ૨૦૧૫ કહેવાશે.

૨. **વ્યાખ્યાઓઃ–**

(૧) આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય

(ક) " અધિનિયમ " એટલે ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ, ૨૦૦૬

ગુજરાતનો ૨૦૦૬નો ૨૪ મો (ખ) " બોર્ડ " એટલે અધિનિયમની કલમ ૩ હેઠળ સ્થાપિત ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ.

(ગ) " અધ્યક્ષ " એટલે બોર્ડના અધ્યક્ષ.

(ઘ) " ઉપાધ્યક્ષ " એટલે બોર્ડના ઉપાધ્યક્ષ.

૧૯૫૬ નો ૬૧ મો (ચ) " આયોગ " એટલે ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ, ૧૯૫૬ ની કલમ–૪ હેઠળ રચેલું ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ. "

(છ) " સરકાર " એટલે ગુજરાત સરકાર.

(જ) " સભ્ય સચિવ" એટલે અધિનિયમની કલમ–૪ ની પેટા કલમ (૧) હેઠળ નિમાયેલા સભ્ય–સચિવ.

(ઝ) " વહીવટી અધિકારી " એટલે અધિનિયમની કલમ ૧૨ ની પેટા કલમ (૧) હેઠળ નિમાયેલ વહીવટી અધિકારી.

(ટ) " ફોર્મ " એટલે આ નિયમો સાથે જોડેલું ફોર્મ.

(૨) અહીં ઉપયોગ કરેલા અને આ નિયમોમાં વ્યાખ્યા નહીં કરેલા શબ્દો અને વાકય–પ્રયોગનો અર્થ, અધિનિયમમાં એમનો ક્રમશઃ નિર્ધારિત અર્થ રહેશે.

૩ **અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સભ્યો અને વહીવટી અધિકારીનો પગાર, માનવેતન અને ભથ્થાઃ**

(૧) (ક) અધ્યક્ષને સરકાર વખતોવખત નકકી કરે એવો પગાર કે માનવેતન અને ભથ્થાં બોર્ડનાં નાણાંમાંથી ચૂકવવાનાં રહેશે.

(ખ) ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોને, સરકાર વખતોવખત નકકી કરે એવો પગાર કે માનવેતન અને ભથ્થાં બોર્ડના નાણાંમાંથી ચુકવવાનાં રહેશે.

પરંતુ હોદાની રૂએ સભ્યો, રાજ્ય સરકાર વખતોવખત આ અંગે નકકી કરે તે પ્રમાણે પગાર અને ભથ્થાં માટે હકદાર રહેશે.

પરંતુ વધુમાં, અધ્યક્ષની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષ, અધ્યક્ષની ફરજો બજાવે ત્યારે એને, અધ્યક્ષને ચૂકવવાનો પગાર કે માનવેતન અને ભથ્થાં ચૂકવવાનાં રહેશે.

(૨) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીને આધિન, બોર્ડના બિન સરકારી સભ્યો, બોર્ડની અથવા સરકારે/ બોર્ડે રચેલી સમિતિની દરેક બેઠકમાં હાજરી આપવા માટે રૂ.૫૦૦/– ની બેઠક ફી માટે હકદાર રહેશે.

પરંતુ સભ્ય, બોર્ડની બેઠકમાં હાજર રહે તેમજ બોર્ડની એક કે વધુ સમિતિઓની બેઠકોમાં એ જ દિવસે હાજર રહે તો તે માત્ર બોર્ડની બેઠક માટે જ બેઠક ફી માટે હકદાર રહેશેઃ

INDEX

પરંતુ વધુમાં એક જ દિવસે, સભ્ય એક કરતાં વધુ સમિતિઓની બેઠકોમાં હાજર રહે તેવા કેસમાં તે માત્ર એક જ સમિતિની બેઠકમાં હાજર રહેવા માટે તે બેઠક ફી માટે હકદાર રહેશે.

(૩) અધ્યક્ષ અને સભ્ય–સચિવ સિવાય, બોર્ડના બિન સરકારી સભ્યો, બોર્ડની બેઠકોમાં હાજર રહેવા કરેલ મુસાફરીઓ માટે અથવા બોર્ડ દ્વારા એમને સોંપવામાં આવે તેવી ફરજો બજાવવાના હેતુ માટે, સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલા નિયમો અને હુકમો અનુસાર, સરકારના વર્ગ–૨ (બે) ના અધિકારીઓને મળવાપાત્ર પ્રવાસ અને દૈનિક ભથ્થાં મેળવવા હકદાર રહેશે.

પરંતુ હોદાની રૂએ સભ્યો, રાજય સરકાર દ્વારા તે અંગે વખતો વખત નકકી કરવામાં આવે તે પ્રમાણે પ્રવાસ અને દૈનિક ભથ્થા માટે હકદાર રહેશેઃ

(૪) ઉપરના પેટા–નિયમ (૧), (૨) અને (૩) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સંસદ સભ્ય કે રાજય વિધાન મંડળના સભ્ય હોય એવા બોર્ડના અધ્યક્ષ કે કોઇ સભ્ય,(હોદાની રૂએ સભ્યો બાકાત કરીને) યથાપ્રસંગ, સંસદ (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ–૧૯૫૯ ની કલમ–૨ ના ખંડ (ક) માં નિર્ધારીત કર્યા પ્રમાણેના સિવાયનાં ભથ્થા, રાજય વિધાનમંડળના સભ્યપદ માટે ગેરલાયકાત નિવારણ સંબંધી રાજયમાં તત્કાલીન અમલમાંના કોઇ કાયદા હેઠળ, રાજય વિધાનમંડળનો સભ્ય, આવી ગેરલાયકાત વિના મેળવતો હોય તે કોઇ ભથ્થાં સિવાય કોઇ મહેનતાણાં માટે હકદાર રહેશે નહિં.

(૫) આ નિયમ હેઠળ માંગવામાં આવેલ પ્રવાસ ભથ્થા, દૈનિક ભથ્થા, અથવા યથાપ્રસંગ વાહન ભથ્થાના બિલ પર આવું ભથ્થું માંગવામાં આવે ત્યારે, ઓડિટ કે ચૂકવણી માટે આવું બીલ રજૂ કરતાં પહેલાં નીચેનાની સામી સહી કરાવવાની રહેશે.

(ક) અધ્યક્ષ, અધ્યક્ષના પોતાના દ્વારા,

(ખ) સભ્ય– સચિવ, સભ્ય–સચિવ દ્વારા,

(ગ) ઉપાધ્યક્ષ કે બિન–સરકારી સભ્ય દ્વારા, વહીવટી અધિકારી દ્વારા

(૬) અધિનિયમની કલમ ૧૨ ની પેટા–કલમ (૧) હેઠળ નિમાયેલ વહીવટી અધિકારી, રાજય સરકારની પૂર્વ–મંજૂરીને અધીન, રાજય સરકારે નકકી કરેલ બોલીઓ અને શરતો અનુસાર પગાર અને ભથ્થાં મેળવવા હકદાર રહેશે. વહીવટી આધિકારી દ્વારા માંગવામાં આવેલ પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થા માટેનું બિલ પણ એમના દ્વારા સામી સહી કરાયેલ જોઇશે.

૪ **પ્રતિનિયુકિત પરના સરકારી કર્મચારીઃ–**

પ્રતિનિયુકિતના ધોરણે બોર્ડમાં તબદીલ થયેલ સરકારી કર્મચારીની સેવાની શરતો, સરકારના જે વહીવટી વિભાગના નિયંત્રણ હેઠળ અધિકારી/ કર્મચારી કામ કરતા હોય એના દ્વારા નકકી કરવામાં આવશે.

૫ **કન્ટ્રાકટ કરવાની રીતઃ–**

(૧) બોર્ડઅધિનિયમ હેઠળ એનું કોઇ કાર્ય અને પ્રવૃત્તિઓ કરવા માટે, કન્ટ્રાકટો કરશે, પરંતુ તે માટે મંજૂર થયેલ અંદાજપત્રમાં જોગવાઇ હોવી જોઇશે.

(૨) બોર્ડ વતી આયોગ સાથેના તમામ કન્ટ્રાકટ કે કરાર આ હેતુ માટે અધિકૃત કરવામાં આવેલા સભ્યસચિવ દ્વારા કરવાના રહેશે. આમ અધિકૃત કરેલ સભ્યસચિવએ પોતાની હાજરીમાં એના પર સહી કરવામાં આવી છે અને સીલ લગાડવામાં આવ્યું છે તે હકીકતના પ્રતિક રૂપે આવા કન્ટ્રાકટ કે કરાર પર સહીઓ કરવાની રહેશે.

(૩) કન્ટ્રાકટ કે કરારોમાં સભ્યસચિવની સહીઓ, આવા કન્ટ્રાકટ કે કરાર કરવાના સાક્ષીઓની સહીઓ ઉપરાંતની રહેશે.

(૪) બોર્ડ વતી કરવામાં આવેલા કન્ટ્રાકટ, તે કરવા માટે પેટા–નિયમ (૨) હેઠળ અધિકૃત કરેલી વ્યકિત દ્વારા કરવામાં આવ્યા હોય અને એના પર બોર્ડનું સીલ લગાડેલ હોય તે સિવાય બોર્ડને બંધનકારક રહેશે નહીં.

INDEX

(૫) બોર્ડ વતી દરેક કન્ટ્રાકટ કે કરાર લિખિતમાં હોવા જોઇશે. તથા બોર્ડનું કોમન સીલ લગાડેલ હોવું જોઇશે. કોમન સીલ વહીવટી અધિકારીના કબજામાં રાખવાનું રહેશે

(૬) બોર્ડ વતી કન્ટ્રાકટો કરવા પેટા –નિયમ (૨) હેઠળ અધિકૃત કરેલાઃ સભ્યસચિવ, એના વતી આપેલ કોઇ ખાતરી કે કરેલ કન્ટ્રાકટ માટે જવાબદાર રહેશે નહી., અને આવી ખાત્રી કે કન્ટ્રાકટ માંથી ઉભી થતી કોઇ જવાબદારીઓ બોર્ડ હસ્તકના નાણાંમાંથી અદા કરવાની રહેશે.,

૬ **અધ્યક્ષની સત્તાઓ અને ફરજોઃ–**

(૧) અધ્યક્ષ, બોર્ડની યોગ્ય કામગીરી માટે, એના નિર્ણયોનો અમલ સુનિશ્ચિત કરવા માટે અને અધિનિયમ દ્વારા અથવા તે હેઠળ સોંપવામાં આવેલી ફરજો બજાવવા જવાબદાર રહેશે.

(૨) અધિનિયમ અથવા તે હેઠળ બનાવેલા નિયમો હેઠળ કરવામાં આવે તે સત્તા–સોંપણીને અધીન, અધ્યક્ષ–

૧. વ્યવહારૂં હોય એટલું જલ્દી, અગત્યના કાગળો અને બાબતો બોર્ડ સમક્ષ રજુ કરાવશે.,

૨. બોર્ડના નિર્ણયોના પાલનની પધ્ધતિ અંગે સૂચનાઓ બહાર પાડશે., અને

૩. બોર્ડની આવક અને ખર્ચનો હિસાબ રાખશે અથવા રખાવશે.,

૭ **બોર્ડની બેઠકોની બાબતમાં સભ્યસચિવની સત્તાઓ અને ફરજોઃ–**

(૧) સભ્યસચિવે, તે અંગે કરવામાં આવેલા સામાન્ય કે ખાસ હુકમથી નકકી કરવામાં આવે એવી સત્તાઓ અને કાર્યો સાથે બોર્ડની સામાન્ય દેખરેખ હેઠળ કામ કરવાનું રહેશે.

(૨) ઉપર્યુકત સામાન્ય કે ખાસ હુકમો હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, સોંપેલાં કાર્યો અને ફરજો ઉપરાંત, એની પાસે નીચેની સત્તાઓ, કાર્યો અને ફરજો રહશે. એટલે કેઃ–

૧. અધ્યક્ષની સૂચના હેઠળ બોર્ડ અને સમિતિની બેઠક બોલાવવી.,

૨. દરેક બેઠકની કાર્યસૂચિ તૈયાર કરવી અને બોલાવવાની સૂચિત બેઠકની નોટીસ સાથે બોર્ડના દરેક સભ્યને એની નકલ પૂરી પાડવી., અને

૩. બોર્ડની દરેક બેઠકની કાર્યનોંધ, કાર્યનોંધવહીમાં નોંધાવવી અને એને બરાબર રાખવામાં આવેલ છે તે જોવું.

(૩) સભ્યસચિવે, બોર્ડના સભ્યોનું તથા એમના સરનામાનું રેકર્ડ રાખવાનું રહેશે. સભ્ય પોતાનું સરનામું બદલે તો એણે પોતાનું નવું સરનામું સભ્ય સચિવને જણાવવાનું રહેશે, જેથી સભ્યસચિવે એનું નવું સરનામું રેકર્ડમાં નોંધવાનું રહેશે. સભ્ય એનું નવું સરનામું જણાવવામાં નિષ્ફળ જાય તો, સત્તાવાર રેકર્ડ પરના રેકર્ડને, તમામ હેતુઓ માટે સભ્યના સત્તાવાર સરનામા તરીકે માનવાનું રહેશે.

૮ **બોર્ડના વહીવટ સંબંધમાં, સભ્ય સચિવની સત્તાઓ, કાર્યો અને ફરજોઃ–**

અધિનિયમની જોગવાઇને અધીન, બોર્ડના તમામ કર્મચારીઓ/ અધિકારીઓ પર સભ્યસચિવનું વહીવટી નિયંત્રણ રહેશે. અને નીચે નિયત કર્યા પ્રમાણે સત્તાઓનો ઉપયોગ કરશે અને કામ કરશે તથા ફરજ બજાવશે, એટલે કેઃ

(૧) બોર્ડના કામકાજ તથા એના રોજ બરોજના વ્યવસ્થાપન પર સામાન્ય દેખરેખની સત્તાઓ.,

(૨) સરકારને મોકલવાનાં તમામ નિયત પત્રકો, અહેવાલો અને પત્રકો મોકલવાની.,

(૩) બોર્ડ સમક્ષ એની વિચારણાં અને નિર્ણય માટે, બોર્ડ સમક્ષ મૂકવાની નાણાંકીય અહેવાલની કોઇ પણ બાબત.,

(૪) અધિકારીઓ, કર્મચારીઓના કામ અને બોર્ડના મહેકમનું સંકલન, દેખરેખ અને નિયંત્રણ રાખવાં.,

(૫) બોર્ડે લીધેલા નિર્ણયોનો અમલ કરવો.,

(૬) બોર્ડના કર્મચારીઓના ભવિષ્ય નિધિનો વહીવટ કરવો.,

INDEX (૭) બોર્ડે વખતોવખત એમને સોંપેલી સત્તાઓની મર્યાદામાં આકસ્મિક ખર્ચ મંજૂર કરવું.,

(૮) સરકારે મંજૂર કરેલી યોજનાનાં ધોરણ પ્રમાણે સહાય (અનુદાન અને લોન એમ બન્ને) માટેની અરજીઓ તપાસવી અને બોર્ડે આપેલી સુચનાઓ અનુસાર મંજૂરી માટે એમને અધ્યક્ષ સમક્ષ મુકવી.,

(૯) વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (વર્તણુંક) નિયમો, ૧૯૭૧ ના હેતુ માટે નિમણુંક આપનાર સત્તાધિકારી તરીકે કાર્ય કરવું.,

(૧૦) બોર્ડ દ્વારા એને સોંપવામાં આવે તેવાં અન્ય કાર્યો હાથ ધરવાં., અને

(૧૧) બોર્ડ દ્વારા એને સોંપવામાં આવે એવી અન્ય ફરજો હાથ ધરવી અને એવી અન્ય સત્તાઓનો ઉપયોગ કરવો.,

૯ **બોર્ડની બેઠકઃ–**

(૧) બોર્ડની બેઠક માટેનું કોરમ, બોર્ડના સભ્યોની કુલ સંખ્યાની એક તૃતીયાંશનું રહેશે.

(૨) બોર્ડની કોઇ બેઠકમાં કોરમ ન હોય તો, અધ્યક્ષ અથવા આવી બેઠકના અધ્યક્ષ પદે રહેલી કોઇ વ્યકિત, મૂળ બેઠકથી સાત દિવસથી વધુ મોડું ન હોય તે તારીખ સુધી બેઠક મુલતવી રાખશે અને ત્યાં સભ્યોની સંખ્યાને લક્ષમાં લીધા સિવાય આવી મુલતવી રાખેલી બેઠક ખાતે કામકાજનો કાયદેસર નિકાલ થશે.

પરંતુ આવી મુલતવી રહેલી બેઠકની તારીખ, સમય અને સ્થળ લિખિત પત્ર દ્વારા તમામ સભ્યોને જણાવવાનાં રહેશે.

૧૦ **લોનો આપવાની સત્તાઃ–**

(૧) રાજ્ય સરકારની મંજૂરીને આધિન, બોર્ડ, ખાદી અને ગ્રામોદ્યોગોને અને વ્યકિતઓ અથવા મંડળીઓ અથવા સંસ્થાઓને, અધિનિયમ હેઠળ પોતાની પ્રવૃત્તિઓ કરવા, સરકારે વખતોવખત બનાવેલ ખાદી અને ગ્રામોદ્યોગ માટેના લોન નિયમોની જોગવાઇ અનુસાર સરકારે નકકી કરેલી શરતોએ લોનો આપી શકે.

(૨) સરકાર પોતાની પહેલથી અથવા બોર્ડની ભલામણથી લોનના નિયમોમાં ફેરફાર કરે કે સુધારો કરે, ફેરફાર કે સુધારાનો અમલ જે તારીખે સરકારે ફેરફાર કે સુધારો કર્યો હોય તે તારીખથી થશે.

૧૧ **અનુદાન કે સહાયકીઓ મંજૂર કરવાની સત્તાઓઃ–**

બોર્ડ, રાજ્ય સરકારે મંજૂર કરેલા દરે અને એવી શરતોએ, ખાદી/ગ્રામોદ્યોગની સંસ્થા/ મંડળીઓને અનુદાન અને સહાયકી (સબસીડી) આપશે.

૧૨ **વાર્ષિક કાર્યક્રમઃ–**

બોર્ડ, આ નિયમો ફોર્મ નં.૧ અને ૨ માં અધિનિયમની કલમ–૧૬ ની પેટા –કલમ (૨) ના ખંડ (ક), (ખ) અને (ગ) માંની જરૂરિયાત મુજબની વિગતોવાળો કામનો વાર્ષિક કાર્યક્રમ તૈયાર કરશે અને દર વર્ષે, ઓકટોબરના પ્રથમ દિવસ પહેલાં મંજૂરી માટે સરકારને સાદર કરશે.

૧૩ **પૂરક કાર્યક્રમઃ–**

કોઇ નાણાંકીય વર્ષ દરમ્યાન, કોઇ કારણસર, સરકારે આખરે મંજૂર કરેલા વાર્ષિક કાર્યક્રમમાં સારો એવો ફેરફાર થવાનો સંભવ હોય તો, બોર્ડે, કલમ–૧૮ હેઠળ પૂરક કાર્યક્રમ તૈયાર કરવાનો રહેશે અને એને આ નિયમો સરકારની મંજૂરી માટે જે તે વર્ષની તા.૩૦ જુન પહેલાં રજૂ કરવાનો રહેશે.

૧૪ **બજેટ અંદાજ તૈયાર કરવા અને રજૂ કરવાઃ–**

(૧) એપ્રિલના પ્રથમ દિવસે શરૂ થતા અને માર્ચના ૩૧માં દિવસે પૂરા થતા દરેક નાણાંકીય વર્ષ માટેના બોર્ડના બજેટ અંદાજ, આ નિયમો સાથેના ફોર્મ નં.૩ માં. સભ્ય–સચિવે, પેટા નિયમ (૪) માં નિયત કરેલી તારીખ પહેલાં તૈયાર કરવાનાં રહેશે.

(૨) આમ તૈયાર કરેલ બજેટ અંદાજની નકલ, આવા અંદાજની વિચારણા કરવાની છે તે બોર્ડની બેઠકના

INDEX

ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં બોર્ડના દરેક સભ્યને મોકલવાની રહેશે.

(૩) બોર્ડ દ્વારા આ અંગે પસાર કરેલા ઠરાવ દ્વારા પોતાને યોગ્ય લાગે એવા ફેરફારો સાથે બોર્ડ બજેટ અંદાજની વિચારણા કરશે અને મંજૂર કરશે.

(૪) બોર્ડ દ્વારા મંજૂર કરાયેલ બજેટ અંદાજ, સામાન્ય રીતે સરકારને રજૂ કરવાના રહેશે, જેથી ૧૫ મી ઓકટોબર સુધીમાં પહોંચી જાય, પરંતુ કોઈપણ કેસમાં દરેક વર્ષના ઓકટોબરના અંતથી મોડું થાય નહીં.

પરંતુ સરકાર મૌખિક સુઓ મોટો મૌખિકથી બોર્ડની વિનંતીથી સરકારને યોગ્ય લાગે તેવી મુદત સુધી બજેટ અંદાજ રજૂ કરવાની તારીખ લંબાવી શકે.

(૫) સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે એવા હુકમોને અધીન, સરકાર દ્વારા અંદાજપત્ર મંજૂર કરવામાં આવે અને બોર્ડમાંના સક્ષમ સત્તાધિકારી દ્વારા ખર્ચ અધિકૃત કરવામાં ન આવે ત્યાં સુધી, કોઇ ખર્ચ કરી શકાશે નહીં.

૧૫ **પૂરક બજેટ અંદાજઃ–**

કોઇપણ કારણસર કોઇ પણ નાણાંકીય વર્ષ દરમ્યાન, સરકાર દ્વારા આખરી રીતે અનુમોદિત અને મંજૂર કરેલ બજેટઅંદાજોમાં સારા એવા ફેરફારનો સંભવ હોય તો બોર્ડે, આ નિયમો ફોર્મ નં.3 પૂરક અંદાજ તૈયાર કરવાનો રહેશે અને સરકાર હુકમ દ્વારા સુચના આપે તે પ્રમાણે મંજૂરી માટે જે તે વર્ષના જાન્યુઆરી માસના પહેલા અઠવાડીયા સુધીમાં સરકારને રજુ કરવાનો રહેશે.

૧૬ **વાર્ષિક અહેવાલઃ–**

અધિનિયમની કલમ ૨૭ માં ઉલ્લેખેલો વાર્ષિક અહેવાલ આ નિયમો ફોર્મ નં.૪ માં દર વર્ષે તા.૩૦ મી સપ્ટેમ્બર ના રો કે તે પહેલાં બોર્ડે, સરકારને રજૂ કરવાનો રહેશે. એમાં બીજી બાબતોની સાથોસાથ નીચેની વિગતોનો સમાવેશ કરવાનો રહેશે, એટલે કેઃ–

(૧) બોર્ડની રચનાની મહત્વની વિગતો અને ચોકકસ વર્ષમાં કામગીરીની વિશિષ્ટતાઓ,

(૨) છેલ્લા ત્રણ વર્ષ માટે યોજનાવાર મળેલ અનુદાનની વિગતો, કરેલ ખર્ચ તથા ઉપયોગ કરેલી રકમ.,

(૩) અસ્કયામતો અને જવાબદારીઓ.,

(૪) અંદાજપત્ર જોગવાઇ અને ખર્ચ.,

(૫) ખાદી અને પોલીવસ્ત્રોનું જિલ્લાવાર ઉત્પાદન અને વેચાણ.,

(૬) ગ્રામોદ્યોગનું જિલ્લાવાર અને યોજનાવાર ઉત્પાદન અને ઉત્પાદનનું વેચાણ.,

(૭) ખાદી સંસ્થાઓ અને ગ્રામોદ્યોગ માટે જિલ્લાવાર અને યોજનાવાર રોજગાર આંકડા અને કર્મચારીઓની તાલીમ.,

(૧૭) **બોર્ડના હિસાબઃ–**

(૧) બોર્ડના હિસાબ, આ નિયમ નં.૧૭ (૧)માં બોર્ડ દ્વારા રાખવાના રહેશે, અને રાજય સરકાર વખતોવખત સૂચના આપે એવા સુધારા– વધારાને અધીન રહેશે.

(૨) દરેક નાણાંકીય વર્ષ પુરૂ થયા પછી છ માસની અંદર, બોર્ડનાં નાણાંકીય પરિણામો દર્શાવતા વાર્ષિક હિસાબ, આવશયક હોય એવા આનુષાંગિક હિસાબો સાથે આ નિયમ નં.૧૭ (૨)માં તૈયાર કરવાના રહેશે, અને ઓડિટ અહેવાલ સાથે બોર્ડ સમક્ષ મૂકવાના રહેશે, બોર્ડે વિધિસર મંજૂર કરેલા અને પસાર કરેલા હિસાબ એના પર બોર્ડનું કોમન સીલ લગાડીને પ્રમાણિત કરવાના રહેશે, અને અધિનિયમની કલમ ૨૭ હેઠળ જરૂરી બનાવ્યા પ્રમાણે સરકારને તથા રાજય સરકાર દ્વારા નીમવામાં આવેલા ઓડીટ અધિકારીને સામાન્ય રીતે દર વર્ષે સપ્ટેમ્બરના અંત સુધીમાં રજુ કરવાના રહેશે.

(૧૮) **નિરસન અને અપવાદઃ–**

૧૯૬૦નો બોમ્બે મુંબઇ ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ, ૧૯૬૦ ની કલમ–૨૯ હેઠળ ઘડવામાં આવેલા ગુજરાત

INDEX

XIX

ખાદી અને ગ્રામોદ્યોગ નિયમો–૧૯૬૬ આથી રદ કરવામાં આવે છે.

પરંતુ આમ રદ કરેલા નિયમો હેઠળ કંઈ કરવામાં આવેલ હોય અથવા કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તે આ નિયમોની જોગવાઇ સાથે વિસંગત ન હોય ત્યાં સુધી આ નિયમો હેઠળ કરવામાં કે લેવામાં આવેલ માનવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને એમના નામે,

શ્રીમતી એ. બી. મુની,
સરકારના ઉપસચિવ.

ફોર્મ–૧

(જુઓ નિયમ–૧૨)

વાર્ષિક કાર્યક્રમ

વર્ષ દરમ્યાન બોર્ડ દ્વારા જે કાર્યક્રમનો અમલ કરવાનો હોય તેની વિગત

(૧) વાર્ષિક કાર્યક્રમનો બોર્ડ દ્વારા જે વિસ્તારમાં અમલ કરવાનો હોય તે અને હાથ ધરવામાં આવનાર કામ

(૨) વર્ષ દરમ્યાન હાથ ધરવામાં આવનાર યોજનાનો ભાગ કે સંપુર્ણ યોજના

(૩) બોર્ડના અધિનિયમ અન્વયે બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ યોજનાના હેતુઓ

(૪) કયા રુપમાં બોર્ડ દ્વારા યોજનાનો અમલ કરવામાં આવશે તેની વિગત

(૫) કયા વિસ્તારમાં બોર્ડ દ્વારા યોજનાનો અમલ કરવામાં આવશે તેની વિગત

(૬) અમલ કરવાની યોજનાનો અંદાજિત ખર્ચ

(૭) યોજના માટે નાણાંની ઉપલબ્ધિ

ફોર્મ–૨

(જુઓ નિયમ–૧૩)

પૂરક કાર્યક્રમ

(૧) પૂરકના કરવાના કામની વિગતો

(૨) પૂરકના કામ જે વિસ્તારમાં કરવાનું હોય તે વિસ્તારની વિગત

(૩) પૂરકના કામ કેવી રીતે કરવાનું છે તેની વિગત

(૪) પૂરકના કામ માટે પસંદ કરેલ વિસ્તાર યોજના માટે યોગ્ય છે કે કેમ ? તેની વિગત

(૫) અંદાજિત ખર્ચ

(૬) અંદાજિત જરુરીયાત

(૭) પૂરકના કામની અમલીકરણ માટે સંપુર્ણ સ્વયંસ્પષ્ટ વિગતો

INDEX

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ–૧૪) પત્રક –૧

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ–અમદાવાદ

હવે પછીના વર્ષમાં ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન–પ્લાન)"

સદર

ણી નંબર – કચેરીનું નામ – ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર –

વિગતવાર સદર – (રુ.હજારમાં)

કો.કો.ન –

			પાછલા ત્રણ વર્ષના હિસાબ			ચાલુ વર્ષની જોગવાઇ	પાછલા વર્ષના છેલ્લા આઠ માસનો ખર્ચ	ચાલુ વર્ષના પ્રથમ ચાર માસનો ખર્ચ	હવે પછીના વર્ષના અંદાજો	વધારો(–) કોલમ(૧૦–૭) ઘટાડો(–) કોલમ(૧૦–૭)	કોલમ 7 અને 10 વચ્ચેના તફાવતના કારણો
અ.નં	કોડ નંબર	વિગતવાર સદર	વર્ષ ૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના						
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	૧૦૦	પગાર									
૨	૧૦૧	અધિકારી પગાર									
૩	૧૦૨	કર્મચારી પગાર									
૪	૧૦૩	મોંઘવારી ભથ્થુ									
૫	૧૦૪	અન્ય ભથ્થા									
૬	૧૦૫	રજા પ્રવાસ રાહત									
૭	૧૦૬	તબીબી ખર્ચ ભરપાઇ									
૮	૧૦૭	તબીબી ભથ્થુ									
૯	૧૦૮	બોનસ									
૧૦	૧૦૯	રજાનું રોકડમાં રૂપાંતર									
૧૧	૧૧૦	ઘરભાડા ભથ્થુ									
૧૨	૧૧૧	સ્થાનિક વળતર ભથ્થું									
૧૩	૧૧૩	પરિવહન ભથ્થુ									
૧૪	૧૧૭	આર.ઓ.પી. કર્મચારી									
૧૫	૧૧૮	આર.ઓ.પી.અધિકારી									
૧૬	૧૧૯	ડી.એ.પગાર અધિકારી									
૧૭	૧૨૦	ડી.એ.પગાર કર્મચારી									
		૧ થી ૧૭ નો સરવાળો									
૧૮	૨૦૦	વેતન									

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ–૧૪) પત્રક –૧

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ–અમદાવાદ

હવે પછીના વર્ષમાં ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન–પ્લાન)"

બજેટ સદર

માગણી નંબર – કચેરીનું નામ – ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર –

વિગતવાર સદર – (રુ.હજારમાં)

કો.કો.ન –

			પાછલા ત્રણ વર્ષના હિસાબ								
અ.નં	કોડ નંબર	વિગતવાર સદર	વર્ષ ૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના	ચાલુ વર્ષની જોગવાઇ	પાછલા વર્ષના છેલ્લા આઠ માસનો ખર્ચ	ચાલુ વર્ષના પ્રથમ ચાર માસનો ખર્ચ	હવે પછીના વર્ષના અંદાજો	વધારો(–) કોલમ(૧૦-૭) ઘટાડો(–) કોલમ(૧૦-૭)	કોલમ 7 અને 10 વચ્ચેના તફાવતના કારણો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧૯	૧૧૦૦	પ્રવાસ ખર્ચ									
૨૦	૧૩૦૦	કચેરી ખર્ચ									
૨૧	૧૪૦૦	ભાડા દર અને કર									
૨૨	૨૧૦૦	પુરવઠો અને માલ સામાન									
૨૩	૨૬૦૦	જાહેર ખબર અને જાહેરાત									
૨૪	૩૧૩૫	ગ્રાન્ટ ઇન એઇડ									
૨૫	૩૪૦૦	શિષ્યવૃત્તિ									
૨૬	૫૨૦૦	મશીનરી અને ઇક્વીપમેન્ટ									
૨૭	૫૭૦૦	તહેવાર પેશગી									
૨૮	૫૮૦૦	અનાજ પેશગી									
		ક્રમ ૧ અને ૨૮ નો સરવાળો									
		બાદ કપાત વસૂલાત									
	૭૦૫૭	તહેવાર પેશગી									
	૭૦૫૮	અનાજ પેશગી									
		કૂલ કપાત									
		એકંદર સરવાળો									

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ-૧૪) પત્રક -૨

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ-અમદાવાદ

હવે પછીના વર્ષમાં ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન-પ્લાન)

ટ સદર

ાણી નંબર -

ય સદર -

ગૌણ સદર -

પેટા સદર -

વિગતવાર સદર -

કો.કો.ન -

(રકમ રુ. હજારમાં)

અ.નં.	જગ્યાની સંખ્યાની વિગત	જગ્યાની સંખ્યા	પગાર	આર.ઓ.પી. અધિકારી કર્મચારી	મોઘવારી ભથ્થું	અન્ય ભથ્થું	રજા પ્રવાસ	તબીબી ખર્ચની ભરપાઈ	તબીબી ભથ્થું	બોનસ	રજાનું રોકડમાં રૂપાંતર	ઘરભાડા ભથ્થું	સ્થાનિક વળતર ભથ્થું	પરિવહન ભથ્થું	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧	રાજ્ય પત્રિત જગ્યાઓ														
	(અ) કાયમી જગ્યાઓ														
	(૧) ભરેલી														
	(૨) ખાલી														
	(અ) નો સરવાળો :-														
	(બ) હંગામી જગ્યાઓ														
	(૧) ભરેલી														
	(૨) ખાલી														
	(બ) નો સરવાળો :-														
	(અ) અને (બ) નો સરવાળો :-														
૨	બીન રાજ્ય પત્રિત જગ્યાઓ														
	(અ) કાયમી જગ્યાઓ														
	(૧) ભરેલી														
	(૨) ખાલી														
	(અ) નો સરવાળો :-														
	(બ) હંગામી જગ્યાઓ														
	(૧) ભરેલી														
	(૨) ખાલી														
	(બ) નો સરવાળો :-														
	(અ) અને (બ) નો સરવાળો :-														
	ક્રમ (૧) અને (૨)નો સરવાળો :-														

INDEX

ફોર્મ નં. 3 (જુઓ નિયમ-૧૪) (પત્રક-૩)

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ-અમદાવાદ

હવે પછીના વર્ષના ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન-પ્લાન)"

બજેટ સદર

માંગણી નંબર

મુખ્ય સદર

ગૌણ સદર

વિગતવાર સદર કો.કો.નંબર

(રૂ.હજારમાં)

ક્રમ નં	જગ્યા નુ નામ	અધિકાર / કર્મચારીનુ નામ	કાયમી/ હંગામી	બેઝીક			વાર્ષિક પગાર ની જોગવાઇ	તા.	ઈજા ફો	વાર્ષિક વધારાની રકમ	કોલમ (8+11)	ખાસ વધારાનુ ભથ્થુ	વાર્ષિક પગારની જોગવાઇ	મોંઘવારી ભથ્થુ	અન્ય ભથ્થા	એલ.ટી.સી.	મેડીકલ રીએમ્બર્સમેન્ટ	તબીબી ભથ્થુ	બોનસ	રજાનુ રોકડમાં રૂપાંતર	મકાન ભાડુ.	સ્થાનિક વળતર ભથ્થુ.	પરિવહન ભથ્થુ	કુલ
				લઘુતમ	મહતમ	તા.૦૧-એપ્રિલ (હવે પછીનું વર્ષ)																		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ–૧૪) પત્રક –૪

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

હવે પછીના વર્ષના ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન–પ્લાન)"

બજેટ સદર

માગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –૧

પેટા સદર –

વિગતવાર સદર –

કો.કો.ન –

(રુ.હજારમાં)

અ.નં.	પગાર ધોરણ	પછીના વર્ષના અંદાજપત્રમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યા		અને તે પછી થયેલ વધારાની સંખ્યા		અને તે પછી કમી થયેલ જગ્યાઓની સંખ્યા		હવે પછીના વર્ષના અંદાજપત્રમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યા		વધારા કે ઘટાડા અંગે થયેલ		મંજુર થયેલ જગ્યાના	
		કાયમી	હંગામી	કાયમી	હંગામી	કાયમી	હંગામી	કાયમી	હંગામી	હુકમ નં.	તારીખ	હુકમ નં.	તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ–૧૪) પત્રક –૫

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

હવે પછીના વર્ષના ખર્ચના અંદાજો આંકસ્મિક ખર્ચ (નોન–પ્લાન)"

બજેટ સદર–

માગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર –

વિગતવાર સદર –

કો.કો.ન –

(રુ.હજારમાં)

અ.નં	વિગતવાર સદર	છેલ્લા ત્રણ વર્ષના હિસાબો			ચાલુ વર્ષની જોગવાઇ	પાછલા વર્ષના છેલ્લા આઠ માસનો ખર્ચ	ચાલુ વર્ષના પ્રથમ ચાર માસનો ખર્ચ	હવે પછીના વર્ષના અંદાજો	કોલમ ૬ અને ૯ વચ્ચેના તફાવતના કારણો
		વર્ષ ૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના					
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	ઓફીસ સફાઈનો ખર્ચ								
૨	પાણી માટેનો ખર્ચ								
૩	રાત્રી પગીનો ખર્ચ								
૪	વેતન તરીકે પડતો અન્ય ખર્ચ								
	ક્રમ ૧ થી ૪ નો સરવાળો :–								
૫	સર્વિસ તરીકે પડતો અન્ય ખર્ચ								
૬	ચોપડીયો સામાયીકો								
૭	ટેલીફોન								
૮	ઈલેક્ટ્રીક ચાર્જીસ								
૯	પેટ્રોલ ડીઝલ ખર્ચ								
૧૦	પરચુરણ ખર્ચ								
૧૧	ડેડસ્ટોક અને તેનું સમારકામ								
૧૨	વાહન સમારકામ ખર્ચ								
૧૩	પટાવાળાને ડ્રેસનું કાપડ તથા સિલાઈ								
૧૪	પટાવાળાને બુટ ચંપલ છત્રી વગેરે								
૧૫	લાયબ્રેરી પુસ્તકો/સામાયીક								
	ક્રમ (૧) થી (૧૫)નો સરવાળો :–								
	બાદ ક્રમ (૧ થી ૪નો સરવાળો)								
	તથા ક્રમ નં. ૧૫								
	એકંદરે સરવાળો								

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ–૧૪) પત્રક –૬

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

હવે પછીના વર્ષમાં ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન–પ્લાન)"

ટ સદર

માગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર –

વિગતવાર સદર –

(રુ.હજારમાં)

કો.કો.ન –

અ.નં.	હિસાબ મુસાફરીનો ભથ્થા ખર્ચનો		હવે પછીના વર્ષના અંદાજો					વર્ષ દરમ્યાન ચુકવવાપાત્ર બસ ભાડા/ રીક્ષા ભાડાની અંદાજીત રકમ	વર્ષ દરમ્યાન ચુકવવાપાત્ર થતી એકંદરે રકમ કો.નં.૮	કોલમ નં. ૩ અને ૧૦ વચ્ચેના તફાવતના કારણો
	પાછલા વર્ષના ખર્ચ	ચાલુ વર્ષની જોગવાઇ	જે કર્મચારીઓને મુસાફરી કરવી પડતી હોય તેવા કર્મચારીઓનું		મળવાપાત્ર દૈનિક ભથ્થાની રકમ રુ.	વર્ષ દરમયાન કરવી પડતી મુસાફરીના દિવસો	વર્ષ દરમ્યાન ચુકવવાપાત્ર થતી ભથ્થાની રકમ કો.નં.૫*૬*૭			
			પગાર ધોરણ	સંખ્યા						
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧

નોંધ :– (૧) એલ.ટી.સી.ની વિગતોનો આમાં સમાવેશ કરવાનો નથી.
(૨) કર્મચારીની પગાર ધોરણવાર માહિતી આપવી.

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ–૧૪) પત્રક –૮

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

હવે પછીના વર્ષના વાર્ષિક આવકના અંદાજો

(રુ.હજારમાં)

અ.નં.	આવકની વિગત	છેલ્લા બે વર્ષ હિસાબ (આવક)		ચાલુ વર્ષની આવકનો અંદાજ	પાછલા વર્ષના છેલ્લા આઠ માસમાં થયેલ આવક	ચાલુ વર્ષના પ્રથમ ચાર માસમાં થયેલ આવક	હવે પછીના વર્ષના આવકનો અંદાજ	વધઘટના કારણો (કોલમ નં. ૫ અને ૮ નો તફાવત)
		સને૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના					
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	૦૦૪૯–વ્યાજ આવક							
૨	૦૦૫૦–ડિવિડન્ટ આવક							
૩	૦૮૫૧–ગ્રામ અને નાના ઉદ્યોગો હેઠળની આવક							
૪	૪૪૨૫–સહકાર અને મુડી ખર્ચ જોગવાઈની પરત ચુકવણી							
૫	૪૮૫૧–ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે મુડી ખર્ચ જોગવાઈની પરત ચુકવણી							
૬	૬૪૨૫–સહકાર અંગે લોનની પરત ચુકવણી							
૭	૬૮૫૧–ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે લોનની પરત ચુકવણી							

નોંધ :– સંપૂર્ણ બજેટ સદર વાર ક્લાસીફીકેશન મુજબ પ્લાન/નોન પ્લાન માંગણી નંબર, હેડ ચાર્જેબલ, યોજના નંબર વિગેરેની લગત માહિતી અવશ્ય દર્શાવી બજેટ સદર વાર પત્રકો અલગ–અલગ તૈયાર કરવા.

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ-૧૪) પત્રક -૯

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

હવે પછીના વર્ષના વાર્ષિક અંદાજો (ખર્ચના)" (પ્લાન)

જેટ સદર

ાગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર –

વિગતવાર સદર– (સ્કિમ નં)

(રૂ. હજારમાં)

કો.કો.ન –

અ.નં.	વિગત	હિસાબ પાછલા બે વર્ષના		ચાલુ વર્ષની - જોગવાઈ	પાછલા વર્ષના છેલ્લા આઠ માસનો ખર્ચ	ચાલુ વર્ષના પ્રથમ ચાર માસનો ખર્ચ	હવે પછીના વર્ષના અંદાજો	વધઘટના કારણો (કોલમ નં. ૫ અને ૮ નો તફાવત)
		સને૨૦ ના વર્ષના	સને૨૦ ના વર્ષના					
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	સબસીડી							
૨	શેર ફાળો							
૩	શેર લોન							
૪	ખાસ કેન્દ્રીય સહાય							

નોંધ :–સંપૂર્ણ બજેટ સદર વાર કલાસીફીકેશન મુજબ પ્લાન/ નોન પ્લાન માંગણી નંબર, હેડ ચાર્જેબલ, યોજના નંબર વિગેરેની લગત માહિતી અવશ્ય દર્શાવી બજેટ સદરવાર પત્રકો અલગ-અલગ તૈયાર કરવા.

નોંધ :– સંપૂર્ણ બજેટ સદર સાથે બજેટ સદરવાર અલગ-અલગ પત્રકો તૈયાર કરવાના રહેશે.

INDEX

ફોર્મ નં. ૩ (જુઓ નિયમ-૧૪) પત્રક -૧૦

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ-અમદાવાદ

હવે પછીના વર્ષમાં ખર્ચના અંદાજો સ્થાયી ખર્ચ (નોન-પ્લાન)"

બજેટ સદર

માગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર –

વિગતવાર સદર –

કો.કો.ન –

(રૂ. હજારમાં)

અ.નં.	નિવૃત્ત થનાર અધિકારીશ્રી/કર્મચારીનુંનામ	હોદ્દો	નિવૃતિની તારીખ	પગાર ધોરણ	નિવૃતિની તારીખે મૂળ પગાર	આર.ઓ.પી ૨૦% ની રકમ	રજા પગાર	રીમાર્કસ અન્ય જોગવાઈ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

નોંધ :- સંપૂર્ણ બજેટદાર વાર ક્લાસીફીકેશન મુજબ પ્લાન/નોન પ્લાન માંગણી નંબર, હેડ ચાર્જેબલ, યોજના વિગતેરેની લગત માહિતી અવશ્ય દર્શાવી બજેટ સદર વાર પત્રકો અલગ-અલગ તૈયાર કરવા

INDEX

ફોર્મ નંબર–૪ (જુઓ નિયમ –૧૫) પત્રક –૧

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

ચાલુ વર્ષ ના વર્ષના આઠ માસિક સુધારેલા અંદાજો (નોન પ્લાન) (રૂ. હજારમાં)

યુનિટ સદર

માગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર -

વિગતવાર સદર –

કો.કો.ન -

(રૂ.હજારમાં)

અ.નં	કોડ નંબર	વિગતવાર સદર	ચાલુ વર્ષના વર્ષની જોગવાઇ	ચાલુ વર્ષનો પ્રથમ આઠ માસનો ખરેખર ખર્ચ	ચાલુ વર્ષનો છેલ્લા ચાર માસનો થનાર અંદાજીત ખર્ચ	ચાલુ વર્ષની કુલ જરુરીયાત ૫+૬ ના વર્ષની કુલ જરૂરિયાત કો.નં. ૫+૬	વધઘટના કારણો બચત (કો.નં –૪–૭) અતિખર્ચ (કો.નં–૭–૪)
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૧૦૦	પગાર					
૨	૧૦૧	અધિકારી પગાર					
૩	૧૦૨	કર્મચારી પગાર					
૪	૧૦૩	મોંઘવારી ભથ્થુ					
૫	૧૦૪	અન્ય ભથ્થા					
૬	૧૦૫	રજા પ્રવાસ રાહત					
૭	૧૦૬	તબીબી ખર્ચ ભરપાઇ					
૮	૧૦૭	તબીબી ભથ્થુ					
૯	૧૦૮	બોનસ					
૧૦	૧૦૯	રજાનું રોકડમાં રૂપાંતર					
૧૧	૧૧૦	ઘરભાડા ભથ્થુ					
૧૨	૧૧૧	સ્થાનિક વળતર ભથ્થું					
૧૩	૧૧૩	પરિવહન ભથ્થુ					
૧૪	૧૧૭	આર.ઓ.પી. કર્મચારી					
૧૫	૧૧૮	આર.ઓ.પી.અધિકારી					
૧૬	૧૧૯	ડી.એ.પગાર અધિકારી					
૧૭	૧૨૦	ડી.એ.પગાર કર્મચારી					
		૧ થી ૧૭ નો સરવાળો					
૧૮	૨૦૦	વેતન					
૧૯	૧૧૦૦	પ્રવાસ ખર્ચ					

ફોર્મ નંબર–૪ (જુઓ નિયમ –૧૫) પત્રક –૧

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

ચાલુ વર્ષ ના વર્ષના આઠ માસિક સુધારેલા અંદાજો (નોન પ્લાન) (રૂ. હજારમાં)

જેટ સદર

માગણી નંબર –

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર -

વિગતવાર સદર –

કો.કો.ન -

(રૂ.હજારમાં)

અ.નં	કોડ નંબર	વિગતવાર સદર	ચાલુ વર્ષના વર્ષની જોગવાઇ	ચાલુ વર્ષનો પ્રથમ આઠ માસનો ખરેખર ખર્ચ	ચાલુ વર્ષનો છેલ્લાં ચાર માસનો થનાર અંદાજીત ખર્ચ	ચાલુ વર્ષની કુલ જરુરીયાત ૫+૬ ના વર્ષની કુલ જરૂરિયાત કો.નં. ૫+૬	વધઘટના કારણો બચત (કો.નં –૪–૭) અતિખર્ચ (કો.નં–૭–૪)
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨૦	૧૩૦૦	કચેરી ખર્ચ					
૨૧	૧૪૦૦	ભાડા દર અને કર					
૨૨	૨૧૦૦	પુરવઠો અને માલ સામાન					
૨૩	૨૬૦૦	જાહેર ખબર અને જાહેરાત					
૨૪	૩૧૩૫	ગ્રાન્ટ ઇન એઇડ					
૨૫	૩૪૦૦	શિષ્યવૃત્તિ					
૨૬	૫૨૦૦	મશીનરી અને ઇક્વીપમેન્ટ					
૨૭	૫૭૦૦	તહેવાર પેશગી					
૨૮	૫૮૦૦	અનાજ પેશગી					
		કમ ૧ અને ૨૮ નો સરવાળો					
		બાદ કપાત વસૂલાત					
	૭૦૫૭	તહેવાર પેશગી					
	૭૦૫૮	અનાજ પેશગી					
		કુલ કપાત					
		એકંદર સરવાળો					

INDEX

ફોર્મ નંબર–૪ (જુઓ નિયમ –૧૫) પત્રક –૨

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

ચાલુ વર્ષ ના વર્ષના આઠ માસિક સુધારેલા અંદાજો (જનરલ પ્લાન)

બજેટ સદર

માગણી નંબર – -

મુખ્ય સદર –

ગૌણ સદર –

પેટા સદર -

વિગતવાર સદર –(સ્કિમ નં)

(રૂ. હજારમાં)

કો.કો.ન -

અ.નં	વિગત	છેલ્લા બે વર્ષના હિસાબો (આવક)		ચાલુ વર્ષના વર્ષની જોગવાઇ	ચાલુ વર્ષનો પ્રથમ આઠ માસનો ખરેખર ખર્ચ	ચાલુ વર્ષનો છેલ્લા ચાર માસનો થનાર અંદાજીત ખર્ચ	કુલ થનાર વાર્ષિક ખર્ચ ૬+૭	ખર્ચના વધ ઘટ ના કારણો ૫ અને ૮
		વર્ષ ૨૦	વર્ષ ૨૦					
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	સબસીડી							
૨	શેર ફાળો							
૩	શેરલોન							
૪	ખાસ કેન્દ્રીય સહાય							

INDEX

ફોર્મ નંબર-૪ (જુઓ નિયમ -૧૫) પત્રક -૩

ચાલુ વર્ષ ના વર્ષના આઠ માસિક આવકના સુધારેલા અંદાજો

(રૂ. હજારમાં)

અ.નં	આવકની વિગત	ચાલુ વર્ષના વર્ષની જોગવાઇ	ચાલુ વર્ષનો પ્રથમ આઠ માસનો ખરેખર ખર્ચ	ચાલુ વર્ષનો છેલ્લા ચાર માસનો થનાર અંદાજીત ખર્ચ	કુલ થનાર વાર્ષિક ખર્ચ ૬+૭	વધ ઘટ ના કારણો બચત (કો.૩-૬) અતિ ખર્ચ (૬-૩)
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૦૦૪૯-વ્યાજ આવક					
૨	૦૦૫૦-ડીવીડન્ડ આવક					
૩	૦૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો હેઠળની આવક					
૪	૪૪૨૫-સહકાર અને મૂડીખર્ચ જોગવાઈની પરત ચૂકવણી					
૫	૪૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે મૂડી ખર્ચ જોગવાઈની પરત ચૂકવણી					
૬	૬૪૨૫-સહકાર અંગે લોનની પરત ચૂકવણી					
૭	૬૮૫૧-ગ્રામ અને નાના ઉદ્યોગો અંગે લોનની પરત ચૂકવણી					

INDEX

ફોર્મ નંબર–૪ (જુઓ નિયમ –૧૫) પત્રક –૫								
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ								
ચાલુ વર્ષના આઠ માસિક સુધારેલા અંદાજો (નોન પ્લાન)								
બજેટ સદર								
માગણી નંબર –								
મુખ્ય સદર –								
ગૌણ સદર –								
પેટા સદર -								
વિગતવાર સદર – સ્કીમ નં (રૂ. હજારમાં)								
કો.કો.ન –								
અ.નં	નિવૃત્ત થનાર અધિકારી શ્રી/કર્મચારીનું નામ	હોદ્દો	નિવૃત્તિની તારીખ	પગાર ધોરણ	નિવૃત્તિની તારીખે મૂળ પગાર	આર.ઓ.પી. ૨૦% ની રકમ	રજા પગાર	રીમાર્ક્સ અન્ય જોગવાઇ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

INDEX

ફોર્મ નં-૫ (જુઓ નિયમ- ૧૬) પત્રક-૧

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ

આ ઉદ્યોગ જીલ્લામાં રજીસ્ટર્ડ સંસ્થા – સહકારી મંડળીઓ અને વ્યકિતગત એકમો દ્વારા ચાલે છે.

ઉદ્યોગનું નામઃ-

(રુપિયા લાખમાં –રોજગારી સંખ્યા)

			વર્ષ.૨૦ (પાછલુ વર્ષ)						વર્ષ.૨૦ (ચાલુ વર્ષ)					
૧	ઉત્પાદન જથ્થોઃ- -- કિંમત રૂ.								ઉત્પાદન જથ્થોઃ- -- કિંમત રૂ. --					
૨	વેચાણ જથ્થોઃ- -- કિંમત રૂ.								વેચાણ જથ્થોઃ- -- કિંમત રૂ. --					
૩	રોજગારી		પુર્ણ સમય		અંશતઃસમય		કુલ		પુર્ણ સમય		અંશતઃસમય		કુલ	
			સંખ્યા	રૂપિયા	સંખ્યા	રૂપિયા	સંખ્યા	રૂપિયા	સંખ્યા	રૂપિયા	સંખ્યા	રૂપિયા	સંખ્યા	રૂપિયા
૧	અનુ.જાતિ	પરૂષ												
		મહિલા												
૨	અનુ.જનજાતિ	પરૂષ												
		મહિલા												
૩	શા.શે.પછાત	પરૂષ												
		મહિલા												
૪	લઘુમતિ	પરૂષ												
		મહિલા												
૫	અન્ય	પરૂષ												
		મહિલા												
	કુલ રોજગારી	પરૂષ												
		મહિલા												
૪	વ્યકિતગત વાર્ષિક આવક													
૫	ચાલુ એકમો													

	વિગત	રૂ.લાખમાં	વર્ષ.૨૦ (પાછલુ વર્ષ)		વર્ષ.૨૦ (ચાલુ વર્ષ)	
			ખાદી કમિશન	રાજય સરકાર	ખાદી કમિશન	રાજય સરકાર
૬	મંજુર બજેટ	ગ્રાન્ટ રૂપિયા				
		લોન રૂપિયા				
		કુલ રૂપિયા				
૭	વિતરણ બજેટ	ગ્રાન્ટ રૂપિયા				
		લોન રૂપિયા				
		કુલ રૂપિયા				

INDEX

ફોર્મ નં–૫ (જુઓ નિયમ– ૧૬) પત્રક–૨

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ–અમદાવાદ

જીલ્લાવાર એકમની વિગત વર્ષ. ૨૦

ોગનું નામ–

(રૂપિયા લાખમાં–રોજગારી સંખ્યા)

ક્રમ	જીલ્લો	ઉત્પાદન રૂ.	વેચાણ રૂ.	રોજગારી સંખ્યા			રોજી રૂપિયા			કુલ એકમની વિગત				ચાલુ એકમની વિગત			
				પૂર્ણ સમય	અંશત સમય	કુલ સંખ્યા	પૂર્ણ સમય	અંશત સમય	કુલ સંખ્યા	સંસ્થા દ્વારા	સહકારી મંડળી દ્વારા	વ્યક્તિ ગત	કુલ	સંસ્થા દ્વારા	સહકારી મંડળી દ્વારા	વ્યક્તિ ગત	કુલ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૧	અમદાવાદ																
૨	અમરેલી																
૩	આણંદ																
૪	અરવલ્લી																
૫	બનાસકાંઠા																
૬	ભરૂચ																
૭	ભાવનગર																
૮	બોટાદ																
૯	છોટા ઉદેપુર																
૧૦	દાહોદ																
૧૧	ડાંગ																
૧૨	દ્વારકા																
૧૩	ગાંધીનગર																
૧૪	ગિર સોમનાથ																
૧૫	જામનગર																
૧૬	જૂનાગઢ																
૧૭	ખેડા																
૧૮	કચ્છ																
૧૯	મહીસાગર																
૨૦	મહેસાણા																
૨૧	મોરબી																
૨૨	નર્મદા																
૨૩	નવસારી																
૨૪	પંચમહાલ																
૨૫	પાટણ																
૨૬	પોરબંદર																
૨૭	રાજકોટ																
૨૮	સાબરકાંઠા																
૨૯	સુરત																
૩૦	સુરેન્દ્રનગર																
૩૧	તાપી																
૩૨	વડોદરા																
૩૩	વલસાડ																
	સરવાળો																

INDEX

ફોર્મ નં–૫ (જુઓ નિયમ– ૧૬) પત્રક–3

ગુજરત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ–અમદાવાદ

જીલ્લાવાર રોજગારી સંખ્યાની વિગતનું પત્રક – વર્ષ, ૨૦

ઉદ્યોગનું નામ–

(રૂપિયા લાખમાં–રોજગારી સંખ્યા)

ક્રમ	જીલ્લાનું; નામ	અનુ.જાતિ		અનુ.જનજાતિ		સા.શૈક્ષણિક પછાત		લઘુમતિ		અન્ય		કુલ		કુલ રોજી સંખ્યા
		પરૂષ	સ્ત્રી	પરૂષ	સ્ત્રી	પરૂષ	સ્ત્રી	પરૂષ	સ્ત્રી	પરૂષ	સ્ત્રી	પરૂષ	સ્ત્રી	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૧	અમદાવાદ													
૨	અમરેલી													
૩	આણંદ													
૪	અરવલ્લી													
૫	બનાસકાંઠા													
૬	ભરૂચ													
૭	ભાવનગર													
૮	બોટાદ													
૯	છોટા ઉદેપુર													
૧૦	દાહોદ													
૧૧	ડાંગ													
૧૨	દ્વારકા													
૧૩	ગાંધીનગર													
૧૪	ગિર સોમનાથ													
૧૫	જામનગર													
૧૬	જૂનાગઢ													
૧૭	ખેડા													
૧૮	કચ્છ													
૧૯	મહીસાગર													
૨૦	મહેસાણા													
૨૧	મોરબી													
૨૨	નર્મદા													
૨૩	નવસારી													
૨૪	પંચમહાલ													
૨૫	પાટણ													
૨૬	પોરબંદર													
૨૭	રાજકોટ													
૨૮	સાબરકાંઠા													
૨૯	સુરત													
૩૦	સુરેન્દ્રનગર													
૩૧	તાપી													
૩૨	વડોદરા													
૩૩	વલસાડ													
	સરવાળો													

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ,અમદાવાદ

વર્ષ :-

ફોર્મ–એફ

(જુઓ નિયમ-૧૭(૧))

બોર્ડના હિસાબો

(1) મહેકમ પગાર પત્રક

(2) પ્રાસંગિક ખર્ચનું પત્રક

(3) રોકડવહી

(4) ખાતાવહી

(5) રોજમેળ

(6) સામાન્ય ખાતાવહી

(7) લોન સામાન્ય ખાતાવહી

(8) ઉદ્યોગવાર વ્યક્તિગત લોન ખાતાવહી

(9) લોન વસુલાત પત્રક

(10) લોન/સહાય વોચ વસુલાત પત્રક

(11) મુદ્દતવીતી હપ્તા પત્રક

(12) સંસ્થાગત મુદ્દતવીતી અને મહેસુલી વસુલાત વોચ પત્રક

(13) લોન અને સહાયની નોટીસ ઇસ્યુ કર્યા અંગેનું પત્રક

(14) લોન અને વ્યાજ પત્રક

(15) પેટી કેશ–બુક

(16) મુદ્રાંકી થાપણ પત્રક

(17) મકાન લોન પત્રક

(18) મુસાફરી પત્રક

નોંધ :-સરકારશ્રીના વખતો વખતના લોન નિયમો મુજબ બોર્ડ કર્મચારીઓને લોન મંજુર કરવામાં આવે છે.

INDEX

મહેકમ પગાર પત્રક ફોમ નં.૬ (૧)

(જુઓ નિયમ-૧૭(૧))

ક્રમ નં.	નામ અને મહેકમ સભ્યની વિગત	જગ્યાનો મંજુર પગાર		જગ્યાનો તા.૦૧–૦૪ના રોજ ખરેખર લેણો પગાર	કો.૩ના દર મુજબ ખરેખર પગાર
		મહત્તમ (અ)	લઘુત્તમ (બ)		
૧		૨		૩	૪

હવે લેણો ઈજાફાનો દર	ઈજાફાની તારીખ	વર્ષ માટે ઈજાફાની રકમ	પગાર તરીકે ખાસ પગાર અથવા અન્ય ભથ્થા	વર્ષ માટેની કુલ જરુરીયાત	રીમાર્ક્સ, જો હાયતો
(અ)	(બ)	(ક)			
૫			૬	૭	૮

ફોમ નં.૬ (૨)

(જુઓ નિયમ ૧૭(૧))

પ્રાસંગિક ખર્ચનું પત્રક

(૧) કર્મચારીનું નામ અને હોદ્દો પાના નં.

ઉધાર							જમા						
વિગત	પા.નં.	રુ.	પૈ.	રુ.	પૈ.		વિગત	પા.ન.	રુ.	પૈ.	રુ.	પૈ.	

ફોર્મ નં.૬ (૩)

(જુઓ નિયમ ૧૭(૧))

રોકડવહી

ઉધાર							જમા						
વિગત	પા.નં.	રુ.	પૈ.	રુ.	પૈ.		વિગત	પા.ન.	રુ.	પૈ.	રુ.	પૈ.	

ફોર્મ નં.૬ (૪)

(જુઓ નિયમ ૧૭(૧))

ખાતાવહી

નામ ગામ જિલ્લો

ઉધાર							જમા						
વિગત	પા.નં.	રુ.	પૈ.	રુ.	પૈ.		વિગત	પા.ન.	રુ.	પૈ.	રુ.	પૈ.	

INDEX

ફોર્મ નં.૬ (૫)

(જુઓ નિયમ ૧૭(૧))

રોજમેળ

તારીખ	વાઉચર નં.	વિગત	પાના નં.	જમા	રુ.	ઉધાર	રુ.

ફોર્મ નં.૬ (૬)

(જુઓ નિયમ ૧૭(૧))

સામાન્ય ખાતાવહી

જમા તારીખ	વિગત	પાના નં.	રુ.	પૈસા.	ઉધાર તારીખ	વિગત	પાના નં	રુ.	પૈસા

ફોર્મ નં.૬(૭)

(જુઓ નિયમ–૧૭(૧))

લોન સામાન્ય ખાતાવહી

(૧) ક્રમ નં.

(૨) સંસ્થા/મંડળીનુ નામ

(૩) ગામ

(૪) જિલ્લા

(૫) મંજુર કરેલ લોનની રકમ (દા.ત. ચુકવેલ)

(૬) લોન લેનારને ચુકવેલ રકમ

(૭) જે નિર્ણય અન્વયે લોન મંજુર થયેલ હોય તે નંબર

(૮) જે નિર્ણય અન્વયે લોન મંજુર થયેલ હોય તે તારીખ

(૯) જે ચેક/ડ્રાફ્ટ નંબરથી લોન ચુકવેલ હોય તે

(૧૦) જે તારીખના ચેક/ડ્રાફ્ટથી લોન ચુકવેલ હોય તે

(૧૧) મુખ્ય ઉદ્યોગનું નામ

(૧૨) પેટા ઉદ્યોગનું નામ

(૧૩) રીમાક્સ

(૧૪) બાકી આગળના પાને લઇ ગયા

INDEX

ફોર્મ–૬ (૮)

(જુઓ નિયમ–૧૭(૧))

ઉદ્યોગવાર વ્યક્તિગત લોન ખાતાવહી

લોન લેનારનું નામ

(૧) ક્રમ નં.

(૨) જે નિર્ણય તારીખથી લોન મંજુર કરવામાં આવેલ હોય તે

(૩) ચેકની તારીખ (ચુકવેલ)

(૪) પત્રકમાંથી નોંધ લીધા તારીખ

(૫) પત્રકના પાના નંબરની વિગત

(૬) ઉદ્યોગ

(૭) લોન લેનાર દ્વારા પરત ચુકવણી કરેલ રકમ

(૮) લોન લેનારને આપેલ લોનની રકમ

(૯) બાકી લોનની રકમ

ફોર્મ નં.૬(૯)

(જુઓ નિયમ ૧૭(૧))

લોન વસુલાત પત્રક

લેણા તારીખ

(૧) ક્રમ નં.

(૨) લોન લેનારનું નામ

(૩) ગામ

(૪) જિલ્લો

(૫) લોન લેનારનો ફાઈલ નંબર

(૬) સ્ટેટમેન્ટ પત્રક નંબર

(૭) સ્ટેટમેન્ટ પત્રક પાના નંબર

(૮) મુખ્ય ઉદ્યોગ

(૯) લોન લેનારને ચુકવેલ લોનની મૂળ રકમ

(૧૦) લોન ચુકવ્યા તારીખ

(૧૧) લેણો થયેલ હપ્તાનો ક્રમ

(૧૨) લેણા થયેલ હપ્તાની રકમ

(૧૩) હપ્તો વસુલ આવેલ તારીખ

(૧૪) જમા પત્રક મોકલ્યા તારીખ

(૧૫) રીમાર્કસ

INDEX

ફોર્મ નં.૬ (૧૦)

(જુઓ નિયમ ૧૭(૧))

લોન–સહાય પોચ વસુલાત પત્રક

લેણા તારીખ

(૧) ક્રમ નં.

(૨) લોન લેનારનું નામ

(૩) ગામ

(૪) જિલ્લો

(૫) લોન લેનારનો ફાઇલ નંબર

(૬) સ્ટેટમેન્ટ પત્રક નંબર

(૭) સ્ટેટમેન્ટ પત્રક પાના નંબર

(૮) મુખ્ય ઉદ્યોગ

(૯) લોન લેનારને ચુકવેલ લોનની મૂળ રકમ

(૧૦) લોન ચુકવ્યા તારીખ

(૧૧) લેણો થયેલ હપ્તાનો ક્રમ

(૧૨) લેણા થયેલ હપ્તાની રકમ

(૧૩) હપ્તો વસુલ આવેલ તારીખ

(૧૪) જમા પત્રક મોકલ્યા તારીખ

(૧૫) વસુલ કરવાપાત્ર થતી સર્વિસચાર્જની રકમ

(૧૬) રીમાર્કસ

ફોર્મ નં.૬ (૧૧)

(જુઓ નિયમ ૧૭(૧))

મુદ્તવીતી હપ્તા પત્રક

(૧) ક્રમ નંબર

(૨) મુખ્ય ઉદ્યોગનું નામ

(૩) પેટા ઉદ્યોગ

(૪) મંજુર કરેલ લોનની રકમ

(૫) જે નિર્ણય તારીખથી લોનની રકમ મંજુર કરવામાં આવેલ હોય તે

(૬) જે તારીખ હપ્તો લેણો થાય તે

(૭) હપ્તાની સંખ્યા

(૮) મુદ્તવીતી હપ્તાની રકમ

INDEX

ફોર્મ નં.૬ (૧૨)

(જુઓ નિયમ ૧૭(૧))

સંસ્થાગત મુદ્દત વીતી અને મહેસુલી વસુલાત વોચ પત્રક

(૧) ક્રમ નં.

(૨) લોન લેનાર સંસ્થાનું નામ

(૩) ગામ

(૪) જિલ્લો

(૫) લોન લેનારનો ફાઇલ નંબર

(૬) સ્ટેટમેન્ટ પત્રક નંબર

(૭) સ્ટેટમેન્ટ પત્રક પાના નંબર

(૮) મુખ્ય ઉદ્યોગ

(૯) લોન લેનારને ચુકવેલ ઉદ્યોગવાર લોનની મૂળ રકમ

(૧૦) લોન ચુકવ્યા તારીખ

(૧૧) મદ્દતવીતી હપ્તાનો ક્રમ

(૧૨) મુદ્દતવીતી હપ્તાની રકમ

(૧૩) હપ્તો વસુલ આવેલ તારીખ

(૧૪) જમા પત્રક મોકલ્યા તારીખ

(૧૫) વસુલ કરવાપાત્ર થતી સર્વિસચાર્જની રકમ

(૧૬) રીમાર્કસ

ફોર્મ નં.૬ (૧૩)

(જુઓ નિયમ ૧૭(૧))

લોન અને સહાયની નોટીસ ઇસ્યુ કર્યા અંગેનું પત્રક

(૧) ક્રમ

(૨) લોન/સહાય લેનારનું નામ

(૩) ગામ

(૪) જિલ્લો

(૫) લોન/સહાયની રકમ અને ચુકવ્યા તારીખ

(૬) ચડત થયેલ હપ્તા અને વ્યાજની રકમ

(૭) નોટીસ આપ્યા તારીખ

(૮) વસુલ કરેલ રકમ અને તારીખ

(૯)

INDEX

ફોર્મ નં. (૬) (૧૪)

(જુઓ નિયમ ૧૭(૧))

લોન અને વ્યાજ પત્રક

(૧) ક્રમ

(૨) લોન/સહાય લેનારનું નામ

(૩) ગામ

(૪) જિલ્લો

(૫) લોન રકમ અને ચુકવ્યા તારીખ

(૬) ચડત થયેલ હપ્તાની સંખ્યા અને ચડત રકમ

(૭) ચડત થયેલ વ્યાજની રકમ

(૮) ચડત થયેલ કુલ રકમ રુ.

(૯) રીમાર્કસ

ફોર્મ નં. ૬(૧૫)

(જુઓ નિયમ ૧૭(૧))

પેટી કેશબુક

ઉધાર	વિગત	પા.નં.	રુ.	પૈ.	રુ.	પૈ.	જમા	વિગત	પા.ન.	રુ.	પૈ.	રુ.	પૈ.

ફોર્મ નં.૬ (૧૬)

(જુઓ નિયમ ૧૭(૧))

મુદ્દતી થાપણ પત્રક

(૧) ક્રમ

(૨) મુદ્દતી થાપણની રકમ

(૩) મુદ્દતી થાપણ કરેલ તારીખ

(૪) જે બેંક/એજન્સી/સરકારી સંસ્થામાં રોકણ કરેલ હોય તેનું નામ, સરનામું

(૫) વ્યાજનો દર અને વ્યાજની રકમ

(૬) મુદ્દતી થાપણની પાક્યા તારીખ

(૭) મુદ્દતી થાપણની પાકતી તારીખે મૂળ રકમ અને વ્યાજની કુલ રકમ

(૮) મુદ્દતી થાપણ રીન્યુ કરેલ હોય તે તારીખ અને રકમ

(૯) રીમાર્કસ

INDEX

ફોર્મ નં.૬ (૧૭)

(જુઓ નિયમ ૧૭(૧))

મકાન લોનનું પત્રક

(૧) ક્રમ

(૨) અધિકારી/કર્મચારીનું નામ, હોદ્દો

(૩) મુળ પગાર

(૪) મંજુર કરેલ લોનની રકમ,તારીખ અને વ્યાજ દર

(૫) મંજુર કરેલ લોનની રકમ,ચેક નં. અને તારીખ

(૬) લોનની મુળ રકમ વસુલ કરવાના કુલ હપ્તા

(૭) લોનની પરનું વસુલ કરવાનું કુલ વ્યાજ/હપ્તાની સંખ્યા

(૮) રીમાર્કસ

ફોર્મ નં.૬(૧૮)

(જુઓ નિયમ ૧૭(૧))

મુસાફરી પત્રક

(૧) ક્રમ

(૨) અધિકારી/કર્મચારીનું નામ, હોદ્દો

(૩) મુળ પગાર

(૪) મુસાફરી કરવાનો હેતુ

(૫) મુસાફરીનુ સ્થળ

(૬) મુસાફરીનો સમયગાળો

(૭) રીમાર્કસ

INDEX

INDEX

(જુઓ નિયમ –૧૭ (૨))

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

ગ્રામ–નિર્માણ ભવન, જુના વાડજ,અમદાવાદ

તા.૩૧–૦૩–૨૦ ના રોજ પુરા થતા વર્ષનું ઉપજ–ખર્ચ ખાતું

ખર્ચ						ઉપજ					
પાછલુ વર્ષ ૨૦			શીડ્યુ.	ચાલુ વર્ષ ૨૦		પાછલુ વર્ષ ૨૦			શીડ્યુ.	ચાલુ વર્ષ ૨૦	
				રુ.	રુ.	રુ.	રુ.			રુ	રુ.
		નોન–પ્લાન સહાય હેઠળનો ખર્ચ	IE-1					**નોન–પ્લાન હેઠળ સહાય**			
		વહીવટીતંત્ર સંચાલન ખર્ચ						ગુજરાત સરકાર નોન–પ્લાન સહાય			
		સામાન્ય દફ્તરી ખર્ચ									
		પ્લાન બજેટ યોજના હેઠળનો ખર્ચ									
		(અ) જનરલ પ્લાન બજેટ									
		ખાદી યોજના	IE-2								
		પોલીવસ્ત્ર યોજના									
		તાલીમ કેન્દ્ર સહાય						**સરકારી પ્લાન બજેટ હેઠળ સહાય**			
		ગ્રામોદ્યોગ યોજના									
		પ્રદર્શન યોજના									
		અન્ય યોજના						(અ) જનરલ પ્લાન			
		(બ) સ્પે.કોમ્પો.પ્લાન						(બ) સ્પે.કોમ્પો.પ્લાન			
		ખાદી યોજના						(ક) ટ્રાયબલ એરીયા સબ–પ્લાન			
		પોલીવસ્ત્ર યોજના									
		ગ્રામોદ્યોગ યોજના									
		તાલીમ કેન્દ્ર સહાય									
		(ક) ટ્રાયબલ એરીયા સબ પ્લાન									
		ખાદી યોજના	IE-3								
		પોલી વસ્ત્ર યોજના									
		ગ્રામોદ્યોગ યોજના									
		તાલીમ કેન્દ્ર સહાય									
		પ્રદર્શન									
		અન્ય યોજના									
		ખર્ચ કરતા સહાયનો વધારો	IE-4					**સહાય કરતા ખર્ચ વધારો**			
		કુલ						કુલ			

સામેલ કરવામાં આવેલ વિગતોને આધીન

સ્થળ: તા.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

ગ્રામ–નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ

શીડ્યુલ- IE-1 (જુઓ નિયમ –૧૭ (૨))

નોન–પ્લાન સહાય હેઠળનો ખર્ચ

પાછલુ વર્ષ		વિગત	31-03- ના રોજ પુરા થતા વર્ષ માટે (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા
		(અ) વહીવટી તંત્ર સંચાલન ખર્ચ		
		સરવાળો (અ) :		
		(બ) સામાન્ય દફતરી ખર્ચ		
		સરવાળો: (બ)		
		કુલ સરવાળો (અ)+(બ)		

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

ગ્રામ–નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ

શીડ્યુલ- IE-2 (જુઓ નિયમ –૧૭ (૨))

(અ) જનરલ પ્લાન બજેટ

પાછલુ વર્ષ		વિગત	31-03- ના રોજ પુરા થતા વર્ષ માટે (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા
		(અ) ખાદી યોજના		
		સરવાળો (અ):		
		(બ) પોલીવસ્ત્ર યોજના		
		સરવાળો (બ):		
		(ક) તાલીમ કેન્દ્ર સહાય		
		સરવાળો (ક)		
		(ડ) ગ્રામોદ્યોગ યોજના		
		સરવાળો (ડ)		
		(ઇ) પ્રદર્શન		
		સરવાળો (ઇ)		
		(એફ) અન્ય યોજના		
		સરવાળો (એફ)		
		કુલ સરવાળો (અ) થી (એફ)		

INDEX

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

ગ્રામ–નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ

શીડ્યુલ- IE-૩ (જુઓ નિયમ –૧૭ (૨))

(બ) સ્પે.કોમ્પો. પ્લાન બજેટ

પાછલુ વર્ષ		વિગત	31-03- ના રોજ પુરા થતા વર્ષ માટે (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા
		અ) ખાદી યોજના		
		સરવાળો (અ):		
		(બ) પોલીવસ્ત્ર યોજના		
		સરવાળો (બ):		
		(ક) ગ્રામોદ્યોગ યોજના		
		સરવાળો (ક)		
		(ડ) તાલીમ કેન્દ્ર સહાય		
		સરવાળો (ડ)		
		કુલ સરવાળો (અ) થી (ડ)		

જરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

ગ્રામ–નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ

શીડ્યુલ- IE-૪ (જુઓ નિયમ –૧૭ (૨))

(ક) ટ્રાયબલ એરીયા સબ–પ્લાન

પાછલુ વર્ષ		વિગત	31-03- ના રોજ પુરા થતા વર્ષ માટે (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા
		(અ) ખાદી યોજના		
		સરવાળો (અ):		
		(બ) પોલીવસ્ત્ર યોજના		
		સરવાળો (બ):		
		(ક) ગ્રામોદ્યોગ યોજના		
		સરવાળો (ક)		
		(ડ) તાલીમ કેન્દ્ર સહાય		
		સરવાળો (ડ)		
		(ઇ) પ્રદર્શન		
		સરવાળો (ઇ)		
		(એફ) અન્ય યોજના		
		સરવાળો (એફ)		
		કુલ સરવાળો (અ) થી (એફ)		

INDEX

INDEX

જુઓ નિયમ –૧૭ (૨)

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ

ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩

તા.૩૧/૦૩/૨૦ ના રોજનું સરવૈયું

મુડી–દેવા						મિલ્કત–લેણા					
વર્ષ : ૨૦ (પાછલા વર્ષ)		વિગત		વર્ષ : ૨૦ (ચાલુ વર્ષ)		વર્ષ : ૨૦ (પાછલા વર્ષ)		વિગત		વર્ષ : ૨૦ (ચાલુ વર્ષ)	
રકમ રૂ.	રકમ રૂ.		પરિશિષ્ઠ	રકમ રૂ.	રકમ રૂ.	રકમ રૂ.	રકમ રૂ.		પરિશિષ્ઠ	રકમ રૂ.	રકમ રૂ.
		ગુજરાત સરકાર તરફથી સહાય									
		મકાન ફંડ						**સ્થાયી મિલ્કત**			
		ડેડ સ્ટોક ફર્નિચર ફંડ						જમીન–મકાન (PWD એડવાન્સ)			
		અન્ય ફંડ						ડેડ–સ્ટોક ફર્નિચર			
		રિઝર્વ ફંડ						લોન અને અને એડવાન્સ			
		નીરા વિકાસ ફંડ						(૧) રાજ્ય સરકાર ની લોનની રકમમાથી સંસ્થા/મંડ્ળી/વ્યકિતને કરવામાં આવેલ ધિરાણ	૧		
		સરકાર તરફથી લોન–સહાય						(૨) ખાદી ગ્રામોદ્યોગઆયોગ ની લોનની રકમમાથી સંસ્થા/મંડ્ળી/વ્યકિતને કરવામાં આવેલ ધિરાણ	૨		
		સહાય	એ					કન્સોર્ટિઅમ બેંક ક્રેડીટ	૨–એ		
		લોન	બી					ગ્રામોદ્યોગ વાડી લોન			
		ખાદી ગ્રામોદ્યોગ આયોગ (KVIC) તરફથી લોન–સહાય						ખાદી ખાસ દુષ્કાળ લોન			
		સહાય	સી					પરચુરણ લોન અને એડવાન્સ	૩		
		લોન બેલેન્સ	ડી					**ખાદી ગ્રામોદ્યોગ આયોગ તરફથી મળવાપાત્ર રકમો**			
		કન્સોર્ટિઅમ બેંક ક્રેડીટ	ડી–૧					હિસાબ પેટે સહાય			
		ઇમ્પ્રેસ્ટ લોન	ઇ					હિસાબ પેટે લોન			
		અન્ય જવાબદારીઓ						કોટન રૂ હિસાબ પેટે			
		પરચુરણ લેણદારો	એફ					બેંક ખાતા	૪		
		અન્ય આવક અને પરચુરણ વસુલાત	જી					રોકડ			
		ખર્ચ કરતા ઉપજનો વધારો						પી.એલ.એ. હિસાબ (સરભર)			
								જી.એસ.એફ.એસ. ફિક્ષ ડિપોઝીટ			
								અસ્થાયી મિલકત			
								વાહન ખરીદી			
								ઉપજ કરતા ખર્ચનો વધારો			
		કુલ સરવાળો						કુલ સરવાળો			

PART IV B] GUJARAT GOVERNMENT GAZETTE, EX. 15-06-2015 255-83

જુઓ નિયમ –૧૭ (૨)				
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
સહાય (વણવપરાયેલ સહાય વસુલાત)				
પરિશિષ્ઠ–એ				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		ગુજરાત સરકાર સહાય	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

જુઓ નિયમ –૧૭ (૨)				
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
ગુજરાત સરકારશ્રીની લોન				
પરિશિષ્ઠ–બી				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

INDEX

જુઓ નિયમ –૧૭ (૨)				
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
ખાદી ગ્રામોદ્યોગ આયોગ સહાય				
પરિશિષ્ઠ–સી				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

જુઓ નિયમ –૧૭ (૨)				
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
ખાદી ગ્રામોદ્યોગ આયોગ લોન				
પરિશિષ્ઠ–ડી				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

INDEX

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
ખાદી ગ્રામોદ્યોગ આયોગ કન્સોર્ટિઅમ બેંક કેડીટ				
પરિશિષ્ઠ–ડી–૧ (જુઓ નિયમ –૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
ખાદી ગ્રામોદ્યોગ આયોગ ઇમ્પ્રેસ્ટ લોન				
પરિશિષ્ઠ–ઇ (જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

INDEX

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ-૩૮૦૦૧૩				
પરચુરણ લેણદારો				
પરિશિષ્ઠ-એફ (જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ-૩૮૦૦૧૩				
અન્ય આવક અને પરચુરણ વસુલાત				
પરિશિષ્ઠ-જી(જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા	ખાતાનું નામ	ઉધાર	જમા

INDEX

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ-૩૮૦૦૧૩				
ગુજરાત સરકારશ્રીની લોન				
પરિશિષ્ઠ-૧(જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ-૩૮૦૦૧૩				
ખાદી ગ્રામોદ્યોગઆયોગ યોજનાકીય લોનની રકમમાથી સંસ્થા/મંડ્ળી/વ્યક્તિને કરવામાં આવેલ ધિરાણ				
પરિશિષ્ઠ-૨ (જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

INDEX

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
ખાદી ગ્રામોદ્યોગ આયોગ કન્સોર્ટિઅમ બેંક ક્રેડીટ				
પરિશિષ્ઠ–૨ એ (જુઓ નિયમ –૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
પરચુરણ લોન અને એડવાન્સ				
પરિશિષ્ઠ–૩ (જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

INDEX

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ				
ગ્રામ નિર્માણ ભવન,જુના વાડજ,અમદાવાદ–૩૮૦૦૧૩				
બેંક ખાતા				
પરિશિષ્ઠ–૪ (જુઓ નિયમ -૧૭ (૨))				
તા. .૩૧/૦૩/૨૦ (પાછલા વર્ષ)		વિગત	તા. .૩૧/૦૩/૨૦ (ચાલુ વર્ષ)	
ઉધાર	જમા		ઉધાર	જમા

વહીવટી અધિકારી
ગુ.રા.ખા.ગ્રા.બોર્ડ,અમદાવાદ

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ

લોનની શરતો અને બોલીઓ

અ.નં.	કરજનો હેતુ જેના માટે કરજ આપવામા આવેલ હોય	કરજનો સમય ગાળો વર્ષમાં	વ્યાજનો દર	કરજ પરત કરવાનો સમય ક્રમ
૧	યંત્ર સામગ્રી કરજ	૧૦	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	૯ સરળ વાર્ષિક હપ્તાથી ભરપાઇ થવી જોઇએ જેનો પ્રથમ હપ્તો બીજા વર્ષના અંતે ભરપાઇ કરવાનો રહેશે.
૨	સાધન કરજ	૫	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	૪ સરખા વાર્ષિક હપ્તાથી ભરપાઇ થવી જોઇએ જેનો પ્રથમ હપ્તો બીજા વર્ષના અંતે ભરપાઇ કરવાનો રહેશે.
૩	ગ્રામોદ્યોગ કાર્યપુંજી લોન	૫	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	ત્રીજા વર્ષના અંતે ૩૦ ટકાથી ઓછા નહી, બીજા ૩૦ ટકા ચોથા વર્ષના અંતે અને બાકીના ૪૦ ટકા પાંચમાં વર્ષના અંતે.

INDEX

અ.નં.	કરજનો હેતુ જેના માટે કરજ આપવામા આવેલ હોય	કરજનો સમય ગાળો વર્ષમાં	વ્યાજનો દર	કરજ પરત કરવાનો સમય ક્રમ
૪	પાકા બાંધકામ કરજ	૧૦	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	૯ સરળ વાર્ષિક હપ્તાથી ભરપાઇ થવી જોઇએ જેનો પ્રથમ હપ્તો બીજા વર્ષના અંતે ભરપાઇ કરવાનો રહેશે.
૫	કાચા બાંધકામ કરજ	૫	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	૪ સરખા વાર્ષિક હપ્તાથી ભરપાઇ થવી જોઇએ જેનો પ્રથમ હપ્તો બીજા વર્ષના અંતે ભરપાઇ કરવાનો રહેશે.
૬	શેરપુંજી કરજ	૫	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	૪ સરખા વાર્ષિક હપ્તાથી ભરપાઇ થવી જોઇએ જેનો પ્રથમ હપ્તો બીજા વર્ષના અંતે ભરપાઇ કરવાનો રહેશે.
૭	ગ્રામોદ્યોગ માલ સંગ્રહ	૧૧/૨	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	૭૫ ટકા રકમ બાર માસના અંતે, બાકીની રકમ અઢાર માસના અંતે.
૮	ગ્રામોદ્યોગ વર્કીંગ ફંડ	૫	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	ત્રીજા વર્ષના અંતે ૩૦ ટકાથી ઓછા નહી,બીજા ૩૦ ટકા ચોથા વર્ષના અંતે અને બાકીના ૪૦ ટકા પાંચમાં વર્ષના અંતે. જે તે યોજનાનું કામકાજ બંધ કરે અથવા તો અન્ય રીતે ઉપયોગ કરે અથવા તો સરકારશ્રી દ્વારા સુચના મળે કે તુરત પરત કરવાની રહેશે.
૯	ખાદી વર્કીંગ ફંડ	૫	૪ % અથવા વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામા આવે તે.	ત્રીજા વર્ષના અંતે ૩૦ ટકાથી ઓછા નહી,બીજા ૩૦ ટકા ચોથા વર્ષના અંતે અને બાકીના ૪૦ ટકા પાંચમાં વર્ષના અંતે. જે તે યોજનાનું કામકાજ બંધ કરે અથવા તો અન્ય રીતે ઉપયોગ કરે અથવા તો સરકારશ્રી દ્વારા સુચના મળે કે તુરત પરત કરવાની રહેશે

નોંધ : (૧) ચોક્કસ શરતોને આધીન લોન/હપ્તા/વ્યાજ ભરવામાં કસુર થાય તે સંજોગોમાં વાર્ષિક ૫ ટકા દંડનીય વ્યાજ વસુલ કરવાનું રહેશે.

(૨) લોનની રકમ જે હેતુ માટે આપવામાં આવે તેજ હેતુ માટે તેનો ઉપયોગ કરવાનો રહેશે.,જો નિયત સમય અને હેતુ સિવાય ઉપયોગ કરવામાં આવશે તો વધારાનું ૭ ટકા વાર્ષિક વધારાનું દંડનીય વ્યાજ લોન આપ્યા તારીખથી વસુલ કરવાનું રહેશે.

(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૯-૧૦-૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક ઘમ-૨૦૦૧-૮૭-મ-અધક-૨૧૨૦૦૦-૮૪૪-લ મુજબ વસુલાત કરવાની સત્તા બોર્ડને રહેશે અને વસુલ કરેલ કુલ રકમ (લોન/વ્યાજ/દંડનીય વ્યાજ સહીત) ઉપર ૫ ટકા લેખે સર્વિસ ચાર્જ વસુલ કરવામાં આવશે.

